પ્રથમ આવૃત્તિ : સપ્ટેંબર ૧૯૧૭

નકલ : ૨૦૦૦

બીજી આવૃત્તિ : મે ૧૯૬૫

નકલ : ૨૦૦૦



મૂલ્ય એક રૂપિયો

—: પ્રકાશક :—

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા—

ઠ. શ્રી ચીમનલાલ જેચંદભાઈ

શેઠ મનસુખભાઈની પોળ,

કાળુપુર, અમદાવાદ.



પ્રાપ્તિ સ્થાન—

શ્રી ચીમનલાલ જેચંદભાઈ

શેઠ મનસુખભાઈની પોળ,

કાળુપુર, અમદાવાદ.

મુદ્રક:—

મૂળચંદ કસનદાસ કાપડીઆ

"જૈન વિજય" પ્રી. પ્રેસ,

ખપાટીઆ ચકલા

ગાંધીચોક,

સુરત ૧.

આ ગ્રંથ વાંચવા પ્રથમ પીઠિકાનું

આ લખાણ અવશ્ય વાંચો.


ગુરુગમ અહી વિચારે છે તેઓને કોઈ પણ જાતની શંકા રહેતી નથી. અને તેઓ આત્માને પરમાત્મા બનાવવાની આધ્યાત્મિક દૃષ્ટિ પરિણતિને પ્રાપ્ત કરે છે.

મારા ગ્રંથોનો અભ્યાસ કરવામાં ગુરુગમની તથા અપેક્ષા દૃષ્ટિની જરૂર છે

ઉપર્યુક્ત જ્ઞાનીઓ મારા લખેલા આશયોને સમજાવી શકે છે માટે—

વર્તમાનમાં વર્તનારા તથા ભવિષ્યમાં મારા આશયોને અપેક્ષાએ સત્ય જાણનારા જ્ઞાનીઓની સેવા-ભક્તિમાં અર્પાઈ જવું. . ...

(પત્ર સદુપદેશ ભાગ બીજો પાન નં. ૨૫૦)



પ્રકાશકીય નિવેદન

આજથી લગભગ પચાસ વરસ પહેલા જ્યારે પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ વિદ્યમાન હતા ત્યારે શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ (મુંબઈ) તરફથી—"જૈનોપનિષદ્" નુ સર્વ પ્રથમ પ્રકાશન થયુ હતું.

આજે, શ્રીમદ્જીની પુનિત યાદમા તેમના અપ્રમત્ત સાહિત્ય જીવન કાર્યના પ્રચાર માટે ઊભી થએલી સંસ્થા—

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળા-તરફથી.

"જૈનોપનિષદ્" ની આ બીજી આવૃત્તિ પ્રગટ કરતા આનંદ અનુભવુ છુ.

જૈનો માટે આ ગ્રંથ ઘણોજ ઉપયોગી છે. તેમા કોને જૈન કહેવાય. જૈનનુ કર્તવ્ય શુ. જૈનધર્મ શુ. તેની સાચી આરાધના કરી સાચા અર્થમા કેવી રીતે જૈન બની શકાય તેની ઘણી જ ઝીણવટ ભરી ચર્ચા કરવામા આવી છે.

આ ગ્રંથની વિશિષ્ટતા તો એ છે કે મૂળ આ ગ્રંથ પૂજ્ય ભગવતશ્રીએ સંસ્કૃતમા, ગદ્યાત્મક શૈલીમા લખ્યો અને તેનુ વિવેચન ગુજરાતી ભાષામા તેઓશ્રીએ જ કર્યું. પૂજ્ય ઉમાસ્વાતિજી ભગવંતે જે ઢબે "તત્ત્વાર્થ સૂત્ર" લખ્યુ છે તેની જ ઢબમા નાના નાના સૂત્રોરૂપે આ ગ્રંથ સમાવેલો છે.

આ ગ્રંથની સંસ્કૃત તેમજ ગુજરાતી બન્ને ભાષા એટલી બધી સરળ છે કે [illegible]. પણ આ ગ્રંથને સહેલાઈથી સમજી શકે તેમ છે.

[illegible] તો આ ગ્રંથ ખૂબ જ [illegible] તેમ છે.

શુભેચ્છક સહાયકોની પુણ્ય નામાવળી

રૂા. ૨૫૧-૦૦ પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ અનુયોગાચાર્ય પંન્યાસ પ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્ય મ. સા. ના સદુપદેશથી—

શ્રી ઉજમફઈ જૈન ધર્મશાળાના જ્ઞાન ખાતેની ઉપજમાંથી.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી

હ. શ્રી ઉજમફઈ ધર્મશાળાના વહીવટદારો. અમદાવાદ

રૂા. ૧૦૧-૦૦ શેઠ શ્રી મોહનલાલ પ્રેમચંદભાઈ

અરૂણ સોસાયટી, અમદાવાદ.

રૂા. ૧૦૦-૦૦ શ્રી ચાણસ્મા શ્રાવિકા બેનોના ઉપાશ્રયના જ્ઞાન ખાતેની ઉપજમાંથી.

હ. શ્રી રંભાબેન તેમજ શ્રી ડાહીબેન, ચાણસ્મા.

રૂા. ૧૦૦-૦૦ શેઠ શ્રી ફકીરચંદભાઈ મગનલાલ,

જૈન સોસાયટી, અમદાવાદ.

રૂા. ૫૧-૦૦ પ. પૂ. મુનિરાજ પ્રવર શ્રી ઇન્દ્રસાગરજી મ. સા. તથા શિષ્યરત્ન મુનિરાજ શ્રી અમરેન્દ્રસાગરજી મ. સા. ના સદુપદેશથી.

શેઠ મીઠાભાઈ ગુલાબચંદ જૈન સંઘ તરફથી.

કપડવંજ.

રૂા. ૫૧-૦૦ પરમ તપસ્વી પ્રવર્તિની સાધ્વીશ્રી મનોહરશ્રીજી મ. ના સદુપદેશથી.

રૂા. ૫૧-૦૦ સાધ્વીશ્રી મંજુલાશ્રીજી મ. ના સદુપદેશથી

રૂા. ૫૧-૦૦ સાધ્વીશ્રી પ્રવીણશ્રીજી તથા વિનય શિષ્યા સાધ્વીશ્રી શ્રી રાજેન્દ્રશ્રીજીના સદુપદેશથી. મહેમાબાદ.

રૂા. ૨૫-૦૦ શેઠ શ્રી મોહનલાલ પૂંજાભાઈ, અમદાવાદ.



[illegible] ધર્મનાં આચાર્યશ્રી [illegible]

[illegible]

મહાનુભાવોની [illegible]

[illegible]

[illegible]

સંપાદકીય

જૈનોપનિષદ્ એટલે જૈનો માટે લખાયેલું એક અભિનવ શાસ્ત્ર.

શાસ્ત્ર એટલે સિદ્ધાંતોની ફૂલગુંથણી, સૂત્રોની બેનમૂન રંગોળી, અને અંતરના ય અંતરમાંથી પ્રગટેલો એક એવો પયગામ કે જે યુગોના યુગો સુધી એવો ને એવો જ અક્ષત અને અક્ષય, દિવ્ય ને ભવ્ય જ રહે.

જૈનોપનિષદ્‌માં એવા જ સિદ્ધાંતો છે, સૂત્રો છે અને તેવો જ દિવ્ય ને ભવ્ય અક્ષય અને અક્ષત રહેનારો પયગામ છે.

આ ઉપનિષદ્‌નો ઉઘાડ જ વિરાટ ને વિશાળ કલ્પનાથી થાય છે આ ઉપનિષદ્‌ના સર્જક સંપ્રદાયની સાંકડી દીવાલો ઓળંગીને વિશાળ એવી દુનિયામાં દોડે છે. તેથી જ તો એ રામ અને રહેમાનમાં; બ્રહ્મા અને વિષ્ણુમાં, કૃષ્ણ અને શંકરમાં; વિશ્વેશ્વર અને વસુદેવમાં બુદ્ધ અને મહાવીરમાં; અપેક્ષાએ એક જિનેશ્વરને જ જુવે છે ને આપણને પણ તે જિનેશ્વર બનાવે છે.

આના ઉદ્ઘાટનમાં જિનેશ્વરના વિરાટ રૂપને બતાવી સર્જક પ્રથમ ઉપગમમાં પણ—ધર્મ કર્મ પ્રવૃત્તિષુ નિર્જરાઃ—આ [illegible]—એથી જ વિરાટતા અને વિશાળતાના દર્શન કરાવે છે.

એ કહે છે—“આત્મા એ જ જૈન છે.”

એ કે આત્મા વ [illegible] અનેક વ્યાખ્યાઓ આપી છે અને અનેક [illegible] ઓળખ આપી છે. પરંતુ—આત્મા એ જ જૈન છે [illegible], વિશાળ અને ઉદાર [illegible] ઓળખ [illegible] આપી નથી.

......દરેક જૈને વ્યાવહારિક તથા ધાર્મિક કેળવણી પરિપૂર્ણ લેવી જોઇએ અને પછી કર્મયોગી બનવું જોઇએ કારણ જ્ઞાની બન્યા વિના કોઇ કર્મયોગી બની શકતો નથી......(૪૫)

પડકારઃ—

......જે ધર્મના લોકો દેશ કાલાનુસારે ધર્મ કર્મમા પરિવર્તનો કરતા નથી અને વોરાના નાડાની જેમ પકડયુ તે પકડયુ એમ કદાગ્રહ કરે છે તે ધર્મના લોકો આપત્તિકાળમા જીવવાને, ઉન્નતિ કરવાને અને સ્વધર્મનું રક્ષણ કરવાને શકિતમાન થતા નથી .. . (૧૫)

......કામ લોભાદિથી, મોજમઝાથી શારીરિક બળ શક્તિનો ક્ષય કરી નિર્બળ, અક્કલહીન અને બાયલા પાત્ર જેવા બની ગયેલા જૈનોને દુનિયામા જીવવાનો હક્ક રહેવાનો નથી ...

પુણ્યઃ—

......અરિહંત મત્રનો જાપ કરવાથી અનંત ભવના કર્મોનો ક્ષય થાય છે......(૧૬)

... ..જૈનોપનિષદ્ રૂપ જૈનોદય સૂત્રોને જે જૈનો દરરોજ યાદ કરે છે તેઓની બાહ્ય ઉન્નતિ થાય છે અને તેઓ મહાન બને છે તેમજ આત્માની જ્ઞાનાદિ શાન્તયોને પ્રાપ્ત કરી ત્રીજા ભવમાં તે અવશ્ય મુક્તિપદ પ્રાપ્ત કરે છે એ નિશ્ચય છે.. .. (૫૨)

આમ પાચ પ્રાણથી પ્રચુર બનેલો આ ગ્રંથ આગમ માનવ સમાજ માટે; સ્વ૦ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી મહારાજની એક અમૂલ્ય ભેટ છે

સવત ૧૯૭૩ ના જેઠ સુદી દશમે આચાર્યશ્રીએ આ ગ્રંથના [illegible] કર્યું.

અને સં. ૧૯૭૬ ના અષાડ સુદી માનમે તેની પ્રાદુર્ભૂતિ કરી.
ગ્રંથ લખાયો પેથાપુરમાં.
પ્રકાશન પામ્યો વડોદરામાં
અને શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રંથમાળાના ૪૫ ના અંકમાં
તે સ્થાન પામ્યો.

અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે સૌ પ્રથમ તેને [illegible] મૂક્યો
[illegible] તેનું પુન પ્રકાશન થાય [illegible] ગ્રંથ [illegible]
[illegible]

ક્યાય સ્પષ્ટતા નથી. આથી મારી અલ્પ મતિએ મને જે જે વિચારભેદ યોગ્ય લાગ્યા તેને એક સાથે મૂકી, વિચાર યોગ્યે નાના મોટા ફકરા પાડયા છે. અને છુટુ લખાણ એટલા માટે કે દરેક પાને નવું વાચન, એક પાનાનુ મર્યાદિત જ ચિંતન આવે એ ઢબે સંયોજના કરી છે. વસ્તુતઃ તો આખોય ગ્રથ સળંગ છે ધ્યાનથી વાચનારને આ ભેદ જરૂરથી જણાશે.

બીજા જે ફેરફારો છે તે શૈલી અને સમાસના છે.

પ્રથમ શૈલી જોઇએઃ—

મૂળ ગ્રંથનુ પાનુ નબર સાત અને આ ગ્રંથનું પાનુ નબર સત્તર સામ સામે રાખો.

પાન નંબર સાતમા પર વાંચોઃ—

જૈનોનો ચતુર્વિધ સઘ મહા પૂજ્ય અને તીર્થંકરને પણ વદ્ય છે ચાર પ્રકારના સઘની રક્ષા કરવી તે ભક્તિ છે. ચાર પ્રકારના સઘને આહાર પાણીથી પોષવો એ પણ એક જાતની ભક્તિ છે. ચાર પ્રકારના સઘને વસ્ત્રાદિકનુ દાન કરવું તે પણ ભક્તિ છે.

હવે આ ગ્રથમાં વાંચોઃ—

જૈનોનો ચતુર્વિધ સઘ મહાપૂજ્ય અને તીર્થંકરને પણ વંદ્ય છે. આ ચાર પ્રકારના સઘની રક્ષા કરવી તે ભક્તિ છે. આ સંઘને આહાર પાણીથી પોષવો તે પણ એક જાતની ભક્તિ છે તેને વસ્ત્રાદિકનું દાન કરવું પણ તે ભક્તિ છે

નવ સંસ્કરણ કરેલા આ ગ્રથમા "ચાર પ્રકારના સઘ"ને [illegible] નહિ મૂકતા તેને બદલે સર્વનામ મૂક્યુ છે. આથી મૂળ ગ્રથ [illegible] વાંચવા [illegible] જે પુનરાવર્તન

ઉત્પન્ન થાય છે તે અહીં નથી અનુભવવા મળતી. જેમ, જે જેટલા ફેરફારથી વાક્યનું સૌન્દર્ય ઓછું થતું નથી [illegible] ત્યારે [illegible] ને સૌન્દર્ય ઘણું લાગે છે. ત્યારે આવા તે કમનીય [illegible]

આમ ભાષાંતરમાં મૂકેલા આ નાટકમાં લેખકના વિચારોને [illegible] ગુજરાતી ને રુચિકર બનાવવાનો નવ પ્રયાસ કર્યો [illegible] આપણી [illegible] ને બદલે [illegible] ને બદલે [illegible] ને બદલે [illegible] છે. [illegible] વાક્ય રચના [illegible] સૌન્દર્યને [illegible] રાખવાનો પ્રયત્ન કર્યો છે.

૧૦૮ ગ્રંથો લખવા અને પ્રકાશિત કરવા આ માટે તેઓશ્રીએ એક ધૂનીને જેમ લખ્યું છે. અને તેમના અંતેવાસીઓ કહે છે કે જ્યારે તેમણે પોતાનો દેહાંત નજદીક જોયો ત્યારે તેમણે એક સાથે વીસ ગ્રંથ જુદી જુદી પ્રેસમાં છાપવા આપ્યા હતા.

સાહિત્યની સાધનાના કોઈ ઉદ્દેશ્યથી નહિ તેમજ લેખનના શોખથી પણ નહિ, પરંતુ પોતે જે કંઈ અનુભવ્યું છે, પોતે જે દીર્ઘ ચિંતન કર્યું છે એ અનુભવ અને ચિંતનનો લાભ સકલ વિશ્વને મળે એવા વિશ્વ કલ્યાણના ઉદ્દેશ્યથી તેઓશ્રીએ સઘળી સર્જના કરી છે.

આથી એકવાર લખેલ ફરીથી જોઈ જોવાની તેમજ તેને ફરી મઠારીને સાહિત્યની સુંદર ભાષામાં લખવાનું તેમને મુનાસિબ નહિ લાગ્યું હોય.

અને આ લેખન પ્રવૃત્તિ એ જ તેમના જીવન ધ્યેય કે આદર્શ નહતો. દિવસની અનેક વિધ પ્રવૃત્તિઓ વચ્ચે તેમણે આ બધી સર્જના કરી છે. આથી પોતાના અમુક સર્જનને અમુક ઢબે જ બહાર પાડવું એવો અવકાશ તેમને હતો પણ નહિ.

વળી તેઓશ્રીએ અનેક વાર અનેક જગાએ લગભગ બધા જ ગ્રંથોમાં જમાના પ્રમાણે ઘટતા ફેરફાર કરી જીવવાનું તેમજ પ્રતિક્રમણ પણ પરિવર્તન કરવાનું કહ્યું છે. આ ગ્રંથમાં પણ જૈનોને જમાના પ્રમાણે ધર્મ કાર્યો કરવાની વાત વારંવાર કહી છે.

આ ગ્રંથનું નવ [illegible] પણ તેથી જ જમાનાની માગ [illegible] જમાનાની વાત [illegible] તે પ્રમાણે ઉચિત ફેરફાર [illegible] કર્યું છે.

આ [illegible] તે [illegible] માટે કર્યું એ આ [illegible] માટે જ તેના [illegible] કર્યું એ [illegible] જવા [illegible]

આ સંપાદનનું કાર્ય આપનાર તેમજ તે કાર્યમાં મને સતત માર્ગદર્શિત અને પ્રેરણા કરનાર, પ્રેરક અને પ્રકાશકનો આભાર ન માનું તો આ ગ્રંથના બતાવેલા જૈન ગ્રંથોમાં [illegible] ગણાય ને ?

પૂજ્ય મુનિરાજ શ્રી દુર્લભસાગરજી મ. ના [illegible] ગુરુદેવ [illegible] તેઓશ્રીના આશીર્વાદ અને સતત પ્રેરણાથી [illegible] કાર્ય હું કરી શક્યો છું. તેઓશ્રીનો હું [illegible] પૂર્વક આભાર માનું છું અને આવા [illegible] કાર્યો કરવાના આશીર્વાદ માગું છું.

પંડિત [illegible] શ્રી જીવનલાલ [illegible] કામ કરવાની [illegible] આ [illegible] આભાર માનું છું.

[illegible]

[illegible]



—: આટલું યાદ રાખો :—

સ્વ. અધ્યાત્મ જ્ઞાનદિવાકર, સ્વ-પર શાસ્ત્ર વિશારદ. યોગનિષ્ઠ **આચાર્ય ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ** સાહેબે તેમના જીવનકાળ દરમિયાન લગભગ દોઢસો ગ્રંથની સર્જના કરી છે એ દરેકે દરેક ગ્રંથ જીવનને ઉજમાળ બનાવવા માટે વિપૂલ ભાતુ પૂરુ પાડે છે. તે દરેકમા વિશદ ને ગહન તત્વચિંતન, અધ્યાત્મ, યોગ, વ્યવહાર, સમાજ, દેશ ધર્મ વગેરે પર સુદર ને સરળ ભાષામા આલેખન છે. એ બહુ મુલ્ય સાહિત્યનો ઘરોઘર ગામો ગામ ને શહેરે શહેર, વિશ્વભરમા પ્રચાર એજ આ—

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળાનો—

ઉદ્દેશ્ય અને ધ્યેય છે.

નફાના કોઇપણ લોભ વિના પડતર કિંમતથી પણ પચ્ચીસ ટકા ઓછી કિમતે અમે શ્રીમદ્જીના પુસ્તકો પ્રકાશીત કરીએ છીએ.

અગાઉથી સોથી વધુ નકલો ખરીદનાર સખી ગૃહસ્થનો આર્ટ પેપર પર ફોટો મૂકવામા આવે છે. તેમજ તેમનો સક્ષેપ પરિચય આપવામા આવે છે. તો આપના સસારના કે ધર્મના કોઈ પણ શુભ પ્રસગે આ ગ્રથમાળા તરફથી પ્રગટ થતા પુસ્તકોની પ્રભાવના કરવા માટે આ સરનામુ યાદ રાખો અને અગાઉથી જ આપની નકલા નોધાવી લેવાનુ ભૂલો.

—: લખો યા મળો :—

પ્રકાશક

શ્રી ચીમનલાલ જેચંદભાઈ

ઠે. મનસુખભાઈની પોળ,

કાળુપુર, અમદાવાદ.

*

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી સાહિત્ય પ્રકાશન ગ્રંથમાળાના
આગામી અભિનવ પ્રકાશનો

પુષ્પ સાતમું

પત્ર પરિમલ

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીના એકસો પત્રોમાંથી વીણેલા
ગદ્ય મૌક્તિકોનો સંચય

[illegible] રૂપિયા

★

પુષ્પ આઠમું

બાળકોના બુદ્ધિસાગરજી

(સચિત્ર)

લે. જયભિખ્ખુ

[illegible] નાના અને મોટા [illegible]
[illegible] બાગ [illegible]
[illegible]

[illegible] રૂપિયા

[illegible]

[illegible]બોધ અને રત્નદીપની

[illegible]

મહત્વનાં મુદ્રણ દોષો

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૯	૩ મા ઉગેરા—	જેસંગભાઇ કાળીદાસભાઈ	ટ્રસ્ટ
૫૭	સંસ્કૃત	વૃદ્ધયર્થ	વૃદ્ધયર્થ
૫૮	૫	શ્રાવક	શ્રાવિકા
૭૧	સંસ્કૃત	આર્ય	આર્ય
૭૩	૧	સ્વાશ્રયાલંબી	સ્વાશ્રયાવલંબી
૭૪	૧૦	સ્વશ્રાયી	સ્વાશ્રયી

પાના નંબર ૬૧ ઉપર આખું સૂત્ર રહી જવા પામ્યુ છે તે આ પ્રમાણે.

क्षेत्रकालानुसारेण ब्राह्मण क्षत्रिय वैश्य शूद्र कर्माभिराजीविका वृत्तिधारका·

ના. ટ:—માત્રા અને રેફની ભૂલો નથી સુધારી કારણ પાના ઘણાં તે બગડે છે અને ત્યારપછી ટાઇપ તૂટી જવ વાથી તે અશુદ્ધ જેવું લાગે છે



[illegible]

[illegible]

જે
જિનેશ્વરના રાગી છે,
જિનદેવના પર
પ્રેમ રાગને ધારણ કરે છે,
જિનેશ્વર પ્રભુએ
ઉપદિષ્ટ સદ્‌વિચારો અને
સદાચારોના જે
ઉપાસક છે,
શ્રી જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે
દુર્ગુણોને જિતવા જે
પ્રયત્ન કરે છે તે
જૈન
કહેવાય છે

—શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

जिनस्योपासकाः

જિનોપનિષદ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આવા વિશિષ્ટ ગુણોથી જે અલંકૃત છે એવા જિનેશ્વરના જે રાગી છે તેઓને જૈન કહેવામાં આવે છે.

તેમજ જેઓ શ્રી જિનદેવ પર પ્રેમ રાખે છે,

જેઓ તેમના ઉપદિષ્ટ સદ્વિચારો અને આચારોની ઉપાસના કરે છે,

શ્રી જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે જેઓ દુર્ગુણોને જિતવા પ્રયત્ન કરે છે,

જે દુર્બળતા પર વિજય મેળવે છે અને સર્વ પ્રકારના શુભ જય મેળવાય એવી શકિતયોને મેળવે છે,

જે શ્રી જિનેશ્વરના ગુણોની ઉપાસના કરવામાં રક્ત છે,

અને—

જે જિનદેવ પર પૂરેપૂરી શ્રદ્ધા ધરાવે છે, ઉપરાંત—

જે જિનદેવના કહ્યા પ્રમાણે શ્રુતધર્મ અને ચારિત્ર-ધર્મની યથાશક્તિ ઉપાસના કરે છે—

તે સૌ મનુષ્યો
જૈન કહેવાય છે.

⊙

[illegible] ઇન્દ્રિયો, પશુઓ અને શૂદ્રો આ [illegible] પ્રમાણે હોય છે [illegible] [illegible]

[illegible]

જૈન નિગમોમાં કહેલાં સંસ્કારો પૈકી જેઓ પોતાને યોગ્ય એવા સસ્કારોને ધારણ કરે છે તે જૈનો છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રો પોતાને યોગ્ય એવા ગૃહ્યધર્મ સંસ્કારોને ધારણ કરે છે. ગર્ભાધાનાદિ સંસ્કારોથી જે સંસ્કાર પામેલો છે તેનામાં જૈનત્વ પ્રકાશી શકે છે.

જૈન શાસ્ત્રોમાં સોળ સસ્કારનુ વર્ણન કરવામાં આવ્યુ છે. સસ્કારોની વિચાર પૂર્વક કરણીથી આત્મા પર અસર થાય છે. ગર્ભમાં રહેલાં મનુષ્યને ધાર્મિક સંસ્કારો આપ્યા વિના, વાસ્તવિકપણે જૈનોની પ્રગતિ થઈ શકતી નથી.

ગૃહસ્થને યોગ્ય એવા સંસ્કારો ગૃહસ્થગુરુ કરાવી શકે છે અને તેથી મહાન જૈન પ્રગટાવી શકાય છે. આ માટે જૈનધર્મ પર પૂર્ણ શ્રદ્ધાવાળા ગૃહસ્થ ગુરુની પસંદગી કરવી જોઈએ આ ગૃહસ્થ ગુરુ પણ જૈનધર્મના શાસ્ત્રોમા લખેલાં મંત્ર સંસ્કારોથી સસ્કારિત બનેલા હોવા જોઈએ.

जैनधर्म संस्कारधारकाः

[illegible]

[illegible]

[illegible]

શ્રી જિનેશ્વરની આજ્ઞાઓનું જે પાલન કરે છે તેઓ જૈન છે.

જૈન આગમોમાં શ્રી જિનેશ્વરની આજ્ઞાઓ છે. ગૃહસ્થ જૈનોએ અને મુનિરાજોએ પોતાના અધિકાર પ્રમાણે તે જિનાજ્ઞાઓનુ પાલન કરવું જોઇએ

આ જિનાજ્ઞાઓનું કેવી રીતે પાલન કરવું તેનુ જ્ઞાન જૈનાચાર્યો પાસેથી મેળવવું જોઇએ.

જૈનાચાર્યને પોતાના ગુરુ માનવા. તેઓ જૈન શાસ્ત્રોના અનુભવી હોય છે આથી તેઓ યોગ્ય જીવને તેના યોગ્ય જ આજ્ઞા કરે છે.

જૈનાચાર્યની આજ્ઞામા જિનાજ્ઞાઓ સમાઈ જાય છે કારણ કે જિન ભગવંતના પટ્ટધરો જૈનાચાર્ય હોય છે તેઓ વર્તમાનમાં ધર્મોન્નતિ માટે જે કંઈ કરે છે તે જિનાજ્ઞાથી ભિન્ન નથી.

જિનાજ્ઞાપાલક જૈનો વિશ્વનું કલ્યાણ કરી ગયે છે. અને આવા જિનાજ્ઞાપાલકો અવશ્ય મુક્ત બને છે.

जिनाज्ञापालका :

[illegible]

જૈનાચાર્યોએ, જૈન ગૃહસ્થ ગુરુ બ્રાહ્મણોને સમ્યક્ત્વાદિ સંસ્કારથી સંસ્કારિત કરવા અને જૈન ગૃહસ્થ બ્રાહ્મણોને જૈનોની નવીન સંખ્યા વધારવાના કાર્યમાં યોજવા. જૈન બ્રાહ્મણોએ જિનોપવિત વગેરે ગૃહ્ય સંસ્કારોને, જૈન ગૃહસ્થ બ્રાહ્મણ ગુરુ મારફત કરાવવા, આચાર દિનકર વગેરે ગ્રંથોમાં જૈન સનાતન વેદ મંત્રોનો વિસ્તાર કરવામાં આવ્યો છે, તેમાંથી મંત્રોનો અધિકાર જોઈ લેવો. જે જૈન બ્રાહ્મણો જે જાતના નવીન જૈનો બનાવે તે તે જાતના તે તે ગૃહસ્થ બ્રાહ્મણ ગુરુઓને સ્થાપવા અને તે જાતના લોકો પરંપરાએ તે તે જૈન બ્રાહ્મણ ગૃહસ્થ ગુરુને ધનાદિકની સહાય કરે અને તેમની પાસે ગૃહ્ય સંસ્કારો કરાવે.

જૈનાચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ અને સત્તાધિકારી જૈનોએ, જૈનોની સંખ્યામાં વધારો થાય તે માટે વર્તમાન કાલાનુસારે ઉપાયો યોજવા. બે હજાર વર્ષ પૂર્વે જૈનોની સંખ્યા ચાલીસ કરોડ મનુષ્યોની હતી. હાલ તે સંખ્યા તેર લાખની થઈ છે માટે હવે ઘોર નિદ્રામાં સૂઈ રહી, જિન આજ્ઞાનો લોપ ન કરતા ઉપર્યુક્ત પ્રકારે જૈનોની સંખ્યા વધારવામાં નવીન થતા જૈનોને સર્વ પ્રકારની મદદ કરવી.

આર્થિક સ્થિતિ, કન્યાપ્રદાન વગેરે વ્યાવહારિક લાભો વડે જૈનોની સંખ્યા વધારવી જૈનધર્મના ઉદ્દેશ મંત્ર [illegible] અને નવા ઉપાયોથી જૈનોની સંખ્યામાં [illegible] જૈનો [illegible]

[illegible] કે [illegible] જૈનધર્મના [illegible]
[illegible] હોય છે

શ્રી [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

જૈનધર્મનું શિક્ષણ અપાય એવા ઉપદેશકોના ગુરુકુલો સ્થાપવાં. જૈનધર્મનો પ્રચાર કરનારા આચાર્યોનાં મંડળો યોજવા. જૈનધર્મ પર શ્રદ્ધા વધે અને તેના પાલન કરવા યોગ્ય મુખ્ય આચારો પર લક્ષ આપવું.

ચારે વર્ણનાં જૈનોને એક વ્યાપારી જૈનોના કર્મ પ્રમાણે દોરવવા નહિ કન્યાદાન, લક્ષ્મીદાન, સત્તાદાન, પ્રેમદાન, પરોપકારમા સ્વાર્પણજીવન, બ્રહ્મચર્યપાલક ગુરુકુળ સંસ્થાઓ વગેરેથી જૈનધર્મનો પ્રચાર કરવા વર્તમાનકાળને યોગ્ય એવા ઉપાયો આદરવા અને રૂઢિના બંધનો કે જેથી જૈનોની વસ્તી ઘટી હોય તેવી રૂઢિઓને તિલાંજલિ આપવી

ધર્મીનો પ્રેમ પૂર્ણપણે ખીલવવો જોઈએ ગમે તે જાતનો જૈન નમસ્કાર મંત્રનો જાપ કરનાર હોય તો તેના માટે આત્મ-સમર્પણ કરીને પણ, [illegible] તેના પર પ્રેમ દેખાડી આપવો

લાખો રૂપિયા રૂઢિયાનો ખર્ચ [illegible] નકામો ન થાય અને જૈનધર્મના પ્રચાર માટે જૈન ગુરુકુલો, બાળ ગુરુકુલો વગેરેમાં ખર્ચ થાય એવી વ્યવસ્થા કરવી જેથી તેમાંથી [illegible] જૈનો, જૈનધર્મનો પ્રચાર કરીને કર્તવ્યથી જૈન બને.

જૈન નિગમોમાં કહેલા સોળ સંસ્કારોને વર્તમાનકાળમાં સુધારા વધારા સાથે પ્રવર્તાવવાથી જૈનોના શ્રદ્ધાનું જોર વધશે ભૂતકાળમાં તે પ્રમાણે બન્યું છે.

આગમ પ્રભાવક ગચ્છોની પૂર્વે ઉત્પત્તિ થએલી જોવામાં આવે છે હાલમાં જૈનોમાં આગમ અને નિગમની પ્રવૃત્તિ વર્ત્યા કરે છે. જૈનેતર લોકો પણ જૈન વેદો અને ઉપનિષદોને માને છે

જૈન આગમો અને નિગમોમાં સર્વ પ્રકારનાં તત્ત્વો ભરેલાં છે પૂર્વે ચૈત્યવાસીઓમાં જૈન નિગમોની પ્રવૃત્તિ મુખ્ય હતી. જૈનાગમોથી અવિરુદ્ધપણે જે જે ઉપનિષદો હોય શ્રુતિયો હોય તેને જૈનો સાપેક્ષદૃષ્ટિએ સ્વીકારી શકે છે

જૈન નિગમોની પ્રવૃત્તિથી જૈનધર્મ એકદા રાજકીય ધર્મ હતો તેનો પ્રચાર આજે થાય તો ભવિષ્યમાં તે રાજકીય જૈનધર્મ બનશે. આગમો અને નિગમોનું પ્રકાશન તથા તેનો પ્રચાર કરવાથી લોકોમાં જૈનધર્મની મહત્તાનો પ્રચાર કરી શકાય છે માટે જૈનોએ પરસ્પર અવિરુદ્ધપણે સાપેક્ષ દૃષ્ટિથી બન્નેનો સ્વાધ્યાય કરવો અને કરાવવો તેમજ તેના સર્વથા પ્રચાર માટે ગુરુકુલોની સ્થાપના કરવી

જેનામાં ચતુર્વિધ સંઘ પ્રત્યે લાગણી નથી, તેમજ જે તેની યથાશકિત પ્રમાણે ભકિત નથી કરતો તે જૈન નથી.

મુસલમાનો જેમ દિનના-ઇસ્લામના નામે પ્રાણ આપવા તૈયાર થાય છે તેમ જેઓ ચતુર્વિધ સંઘની ભકિતમાં જિનના નામે પ્રાણ આપવા તૈયાર થાય તો તેઓ ખરા જૈનો બની શકે છે.

શ્રાવક-શ્રાવિકા સંઘની ભકિત માટે નવકારશી વગેરેના જે રીવાજો હાલ ચાલુ છે તેનો કદાપિ નાશ થવો ન જોઈએ. કારણ આવા જમણથી સંઘની ભકિત થતાં જૈન કોમની એકતા વધુ મજબૂત બને છે.

ચતુર્વિધ સંઘ એ પચ્ચીસમો તીર્થંકર છે આવા જીવતા તીર્થંકરરૂપ ચતુર્વિધ મહાસંઘની ભકિત કરવાથી જૈનો તીર્થંકર કર્મ બાંધે છે અને સ્વર્ગની સિદ્ધિને પામે છે.



ગુરુ કૃપા વિના કોઈપણ માણસ એકદમ પરમાત્મ-પદને મેળવી શકતો નથી.

જેના પર ગુરુની કૃપા થઈ તેના પર પરમાત્માની કૃપા થઈ છે એમ નિશ્ચય છે. ગુરુ સેવામાં જેને ગમ પડે છે તે ગુરુની કૃપા મેળવીને, પરમાત્માની માનસિક. વાચિક અને કાયિક સેવા કરી શકે છે

ગુરુની કૃપા મેળવવા માટે શ્રી સદ્ગુરુના આત્માની સાથે પોતાના આત્માની અભેદતા કરવી જોઈએ

જેના વિચારો ક્ષણે ક્ષણે સ્વચ્છંદથી, ગુરુ પરથી ભાવ બદલાયા કરે છે તે ગુરુની સેવા કરી શકતો નથી

આ કાળમા ગુરુની સેવા કર્યા વિના પરમાત્માને ઓળખી શકાતા નથી. ખરેખર! જે ગુરુની સેવા કરી તેમની કૃપા મેળવે છે તેના હૃદયમાં પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.



ગુરુ કૃપા વિના કોઈપણ માણસ એકદમ પરમાત્મપદને મેળવી શકતો નથી.

જેના પર ગુરુની કૃપા થઈ તેના પર પરમાત્માની કૃપા થઈ છે એમ નિશ્ચય છે. ગુરુ સેવામાં જેને રસ પડે છે તે ગુરુની કૃપા મેળવીને, પરમાત્માની માનસિક. વાચિક અને કાયિક સેવા કરી શકે છે.

ગુરુની કૃપા મેળવવા માટે શ્રી સદ્ગુરુના આત્માની સાથે પોતાના આત્માની અભેદતા કરવી જોઈએ.

જેના વિચારો ક્ષણે ક્ષણે સ્વચ્છંદથી, ગુરુ પરથી ભાવ બદલાયા કરે છે તે ગુરુની સેવા કરી શકતો નથી

આ કાળમાં ગુરુની સેવા કર્યા વિના પરમાત્માને ઓળખી શકાતા નથી. ખરેખર! જે ગુરુની સેવા કરી તેમની કૃપા મેળવે છે તેના હૃદયમાં પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે



જ્યારથી જૈનો ક્ષત્રિયનાં ગુણકર્મ પ્રમાણે વર્તવામાં પાપ છે, રાજાનાં કર્મ કરવામાં પાપ છે, સેનાધિપતિનાં કર્મ કરવામા પાપ છે. ઈત્યાદિ વિચારો કરવા લાગ્યાં અને બ્રાહ્મણાદિ વર્ણનાં ગુણકર્મોથી ભ્રષ્ટ થયાં ત્યારથી તેઓ (જૈનો) લોકોત્તર જૈનધર્મની આરાધનાથી વિમુખ થયા.

તેનુ પરિણામ એ આવ્યુ કે જૈનો વૈશ્યોમાં ફક્ત વણિક કોમ તરીકે કાયમ રહ્યા. જૈનોની જે વસ્તી કરોડોની સંખ્યામા હતી તે ઘટતી ગઈ અને લગભગ બાર લાખ જેટલી જ વસતી રહી.

માટે જૈનોએ હવે ભૂતકાળની જેમ ચતુવર્ણના ગુણકર્માનુસારે વ્યવહારથી વર્તીને લોકોત્તર જૈનધર્મની સ્વાધિકાર પ્રમાણે આરાધના કરવામાં તત્પર થવુ જોઇએ.

ગૃહસ્થાવાસમા ચારે વર્ણનાં ગુણકર્મ પ્રમાણે વર્તીને જેઓ ધર્મારાધનમાં તત્પર બને છે તે ખરા જૈનો છે.



ઉત્તમ સાધુઓની ભક્તિ કરવામાં આત્માર્પણ કરવું જોઇએ. તેમજ તેમની સેવા ભક્તિ કરતાં ખેદ, ક્લેશ, ઉદ્વેગ આદિ દોષો ન સેવતા; દરરોજ અભિનવ ઉત્સાહ રાખવો જોઇએ.

સાધુઓનો દોષ જોવાથી તેમજ તેઓની નિંદા કરવાથી તેમની સેવા ભકિત કરતાં યથાર્થ ફળ મળી શકતું નથી.

સાધુઓની સેવા-ભક્તિ કરનારાઓ આ ભવમાં સુખી થયા વિના રહેતાં નથી, શ્રદ્ધા અને પ્રેમથી કરેલ સાધુ ભકિત કદી નિષ્ફળ જતી નથી.

માટે જેઓ સાધુઓની વૈયાવૃત્ય (સેવા ભકિત) કરે છે તેઓ જ ખરા જૈનો છે.

સાધુ વર્ગની હયાતીમાં જૈનધર્મની હયાતી છે એ મંત્ર કદી ભૂલવો ન જોઇએ.



[illegible]

[illegible]

[illegible]

ધર્મ બળ વધવાથી બીજા પણ સર્વ શુભ બળોમાં અણધારી સહાય મળે છે. માટે જૈનોએ જૈનાચાર્યની આજ્ઞા પ્રમાણે જૈન શાસનની ઉન્નતિ માટે ધર્મ કાર્યોમાં પ્રગતિ કરવી જોઇએ.

જેઓ આચાર્યની આજ્ઞા પ્રમાણે વર્તતા નથી તેઓ જૈન ધર્મનો નાશ કરવામાં ભાગીદાર બને છે.

જૈન ધર્માચાર્યો દેશ તેમજ સંઘ વગેરેની ઉન્નતિ થાય થાય તે પ્રમાણે ધર્મ કર્મની આજ્ઞાઓ ફરમાવે છે.

વિદ્યા, સત્તા, ધન આદિથી જૈન કોમની સદા ચડતી થયા કરે અને અન્ય ધર્મીઓની હરિફાઇમાં જૈનો પાછળ ન રહે એવી અંતરમા લાગણી રાખીને દેશકાલજ્ઞ જૈનોને, જૈન ધર્માચાર્યો ધર્મ કર્મ કરવાની જે જે આજ્ઞાઓ કરે તે તે શિરસાવંદ્ય માનીને, સર્વ સ્વાર્પણ કરીને પાળવી જોઈએ



[illegible]

[illegible]

જૈનધર્મના પ્રચારથી દુનિયાનાં સર્વ મનુષ્યોમાં શાંતિ પ્રસરી શકે છે. જૈનધર્મ આત્માની, બ્રહ્મની ગુપ્ત વિદ્યાઓ શીખવે છે અને માણસોને સદાચારથી પવિત્ર કરે છે. માટે જૈનધર્મનો નિષ્પક્ષપાત દૃષ્ટિએ પ્રચાર કરવાની જરૂર છે.

જૈનધર્મ અમુક વર્ણને રજીસ્ટર કરી આપેલ નથી. દુનિયાના તમામ માણસોને જૈનધર્મ સ્વાધિકારે પાળવાનો એક સરખો હક્ક છે. તેમાં નાત, જાતનો ભેદ આડો આવતો નથી

ગુરુની કૃપાથી જૈનધર્મની પ્રાપ્તિ થાય છે. સંપ્રતિ રાજાએ એશિયા ખંડમાં જૈનધર્મનો સારી રીતે પ્રચાર કર્યો હતો દુનિયાના રાજ્યો અને માણસો સુધરીને જે સારા વિચારો અને સારા આચારોની કોટી પર આવે ને સારા વિચારો અને શુભ આચારોને તીર્થંકરોએ અસંખ્ય વર્ષોથી પ્રતિપાદન કર્યા છે. માટે જૈનધર્મનો સર્વ દેશોમાં પ્રચાર થતા સર્વદેશીય માણસોનો સુધારો થવાનો ડૉ૦ જગદીશચંદ્ર બોઝે પત્થર અને વનસ્પતીમાં જીવ છે એમ જે શોધ કરી છે તેની જાહેરાત તો શ્રી તીર્થંકરોએ કેવળજ્ઞાન વડે ઘણા બધા વર્ષો પૂર્વે કરી હતી. માટે જૈન શાસ્ત્રોનો સર્વ દેશની સર્વ ભાષામાં ઉતારો કરાવવો અને પરદેશમાં જૈનધર્મનાં તત્ત્વો સમજાય એવો ઉપદેશ કરવો.

આપત્તિકાળમાં આપદ્ ધર્મ કર્મો વડે ખરા જૈનો જૈનોન્નતિ સાધક બને છે.

જ્યારે જૈનધર્મનો નાશ થવાનો પ્રસંગ આવે છે અને જૈનોની સંખ્યા ઘટીને ઘણી જુજ બને છે ત્યારે જૈનોને જૈનધર્મનો આપત્તિકાળ સમજાય છે ઉત્સર્ગની પેઠે આપત્કાલમા જૈનધર્મ પ્રવર્તાવવાના ઉપાયો લઇ શકાતા નથી પરંતુ હાલ જેમ યુરોપીય મહાયુદ્ધમા આપત્તિ કાળના ધર્મોનો સ્વીકાર કરીને, બ્રિટીશ સરકાર સ્વાતંત્ર્ય રક્ષા માટે યુદ્ધ કર્મોનો સ્વીકાર કરે છે તે પ્રમાણે જૈનોએ હાલ આપદ્ધર્મ કર્મોનો સ્વીકાર કરીને જૈનોન્નતિના સાધક બનવું જોઇએ.

મેવાડના મહારાણા પ્રતાપસિંહ પર આપત્તિ આવતાં તેણે આપદ્ ધર્મનો સ્વીકાર કર્યો હતો અને ડુંગરાઓમાં ભટકી ભરાઈને યુદ્ધો કર્યા હતા. આપત્તિકાળમા તો, મનુસ્મૃતિમા બ્રાહ્મણોને શુદ્રોના કર્મો કરીને જીવવાનું કહ્યુ છે. આપત્તિકાળમા પૂર્વના ધર્મના આગાર વિચારોમાં અવશ્ય પરિવર્તન કરવુ પડે છે અને તેમ જે કરે છે તે ફરીથી અગલની પરિસ્થિતિ પ્રાપ્ત કરી શકે છે, અને તેમ જેઓ નથી કરતાં તેઓ પોતાનો નાશ કરે છે

आपत्कालेत्वापद् धर्मकर्मभि-
जैनोन्नति साधकाः

જે ધર્મના લોકો દેશ અને કાળ પ્રમાણે પરિવર્તન કરતા નથી અને 'ઘોરાના નાડાની પેઠે જે પકડ્યું તે પકડ્યુ એમ કદાગ્રહ કરે છે તે ધર્મના લોકો આપત્તિકાળમા જીવવાને, ઉન્નતિ કરવાને તેમજ ધર્મનું રક્ષણ કરવાને શક્તિમાન થતા નથી

પૂર્વના જૈનોની જાહોજહાલીનો વિચાર કરીએ તો હાલ જૈનો અને જૈન ધર્મ પર આપત્તિકાળના આપદ્ ધર્મનાં કાર્યો કરવાનો સમય આવ્યો છે માટે આ આપદ્ ધર્મના કાર્યોને ગુરુગમ પૂર્વક જાણીને ધર્મચુસ્ત જૈનોએ આપદ્ ધર્મના કાર્યો કરીને જૈનોન્નતિ કરવી જોઇએ

ક્ષેત્રકાલાનુસારે તેમજ ગુણકર્માનુસારે બ્રાહ્મણજૈનો, ક્ષત્રિયજૈનો, વૈશ્યજૈનો અને શૂદ્રજૈનોને ધર્મ કર્મમા જોડવા અને જૈનોની સંખ્યા વધે તેમજ વર્તમાનમા અને ભવિષ્યમા જૈન ધર્મથી સર્વ લોકોનું કલ્યાણ થાય એવી પ્રવૃત્તિ કરવી.



પોતાને રૂચે તે નામથી જિનદેવનું સ્મરણ કરવું તેમજ ધ્યાન ધરવું.

અરિહંત મંત્રનો જાપ કરવાથી અનંત ભવનાં અનંત કર્મોનો નાશ થાય છે નમસ્કાર મંત્ર કલ્પમાં અરિહંત મંત્રના જાપની વિધિ બતાવવામાં આવી છે.

ઓમ્ અર્હમ્ મંત્રનો એક લાખવાર જાપ કરવાથી ચિત્ત શુદ્ધિ થાય છે અને જિનદેવનાં દર્શન થાય છે જે આ મંત્રનો જાપ કરે છે તેને યમનો ભય રહેતો નથી તેમજ ચાર હત્યાનાં પાપો કરેલાં હોય તો તે પાપોનો પણ નાશ થાય છે ઉપરાંત તેનાથી યોગ અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આ મંત્રનો—ૐ अर्हं—જાપ દરેક જૈનોએ કરવો જોઇએ. સૂરિઓએ સૂરિમંત્રનો જાપ હરરોજ કરવો જોઇએ ઉપાધ્યાયાદિએ વર્ધમાન વિદ્યાનો જાપ કરવો જોઇએ શ્રાવકોએ ઋષિમંડલ મંત્રનો જાપ કરવો જોઈએ.

આ બધા મંત્રોની ગુરુગમ વિધિપૂર્વક ઉપાસના કરવાથી સુખ–શાન્તિ અને પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે.

*

સર્વ વ્યાવહારિક શુભ શક્તિયોની ક્ષીણતાથી જૈનોની ચાલીસ કરોડની સંખ્યા ઘટીને આજ તેર લાખની થઈ ગઈ છે. મોટા મોટા રાજાઓ, પ્રધાનો, સેનાપતિઓ, જગત શેઠો તેમજ મોટા વેપારીઓ આજ સામાન્ય કોટીમા આવી ગયા છે તેથી તેઓ ધર્મની શુભ શક્તિઓનો પ્રચાર કરવામાં મંદ શક્તિવાળા બની ગયા છે.

લક્ષ્મી, સત્તા, વિદ્યા અને શારીરિક શક્તિયોની પ્રાપ્તિ વિના જૈનો દુનિયામા, બીજા લોકોથી પાછળ પડી કચરાઈ જશે અને તેથી ધર્મ નામ શેષ બની જશે એવો ભય રહે છે.

જૈનોએ આત્માની જ્ઞાનાદિક શક્તિયો ખીલવવી જોઇએ જૈન ધર્મની શ્રદ્ધા વિના આત્મબળ ખીલતું નથી માટે ધાર્મિક શક્તિયોને સેવા, દાન તેમજ ધર્મક્રિયામથી ખીલવવી જોઇએ



જૈન ત્યાગી સાધુઓની જેમ ગૃહસ્થ દશામા ગૃહસ્થ જૈનો જો નિવૃત્તિનાં જ ઉપાસકો બની રહે તો તેઓ વ્યવહારમાં હીન બની જાય અને તેવા અશકત માણસોથી પછી કંઈ કાર્ય પણ કરી શકાય નહિ. દા. ત, મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધી જો બેરીસ્ટર બન્યા ન હોત તો તેમનાથી દેશ સેવાનું કાર્ય બની શકત નહિ. ધન, સત્તા, વિદ્યા અને કાયિક શકિતયોથી એકવાર મહાન બન્યા પછી જ્યારે તે માણસ તેની શકિતઓનો દુનિયા માટે ભોગ આપે છે ત્યારે તેના તરફ દુનિયાનું આકર્ષણ થાય છે.

વ્યવહાર અને ધર્મ માર્ગમાં સાંકડા આચાર વિચારમા ગોંધાઈ રહીને ઉદાર આચાર વિચારોનો નાશ કરવાથી જૈન કોમની પડતીનું પાપ વ્હોરી લેનારાઓએ હવે ચેતીને ચાલવું જોઇએ. કારણ જમાનાના ફરવાની સાથે માણસે પણ ફરીને ચાલવું જોઇએ.

દુનિયામાં લોકો જે જે શુભ શકિતયો મેળવીને ઊચ્ચ બનતા હોય તે તે શુભ શકિતયોને દરેક જૈને મેળવવી જોઈએ.

ચારે ખંડના માણસો સાથે હવે જૈનોનો સબંધ થયો છે માટે જૈનોએ વેપારનો કદી ત્યાગ કરવો જોઇએ નહિ. અને સર્વ પ્રકારની વિદ્યાઓ મેળવવી જોઇએ તેમજ જૈનધર્મની પૂર્ણ શ્રદ્ધાથી આરાધના કરવી જોઈએ.

ગૃહસ્થ જૈનો સર્વ પ્રકારનાં દાન કરવાવાળા, સર્વ પ્રકારની પ્રાસંગ્ય સત્તાવાળા, આધ્યાત્મિક તથા વ્યાવહારિક અને બોંતેર કળાની વિદ્યાવાળા, શારીરિક, માનસિક તેમજ આત્મિક વીર્યવાળા હોય છે.

ગૃહસ્થાવાસમાં ધનની જરૂર પડે છે. ધન અને સત્તા કરતાં વિદ્યાની વિશેષ જરૂર પડે છે. વિદ્યાની જેમ શારીરિક અને વાચિક બળની જરૂર પડે છે. અને તે સૌ કરતાં આત્માના અનંત જ્ઞાન, દર્શન અને ચારિત્રની વિશેષ જરૂર પડે છે.

ગૃહસ્થાવાસમાં ધન વિનાનો માણસ કોડી સમાન છે ગૃહસ્થ જૈનો ધન, સત્તા, વિદ્યા વગેરે બળથી આધ્યાત્મિક વીર્યને મેળવી શકે છે.

ગૃહસ્થ જૈનો વિશ્વમાં જેટલા ધન, સત્તા, વિદ્યા વગેરેથી આગેવાન બને છે તેટલા તેઓ ધર્મનો સર્વત્ર વ્યાપક પ્રચાર કરવાને શક્તિમાન બને છે. આ બધા બળ વિના સંસારમા બીજા બળવાન માણસોના હાથે કચડાઈ જવાનો પ્રસંગ આવે છે.

માટે અંતરથી નિર્લેપ રહીને ભગવદ્ ગીતાના અર્જુનની જેમ, ધન-સત્તા-વિદ્યાથી લૌકિક આવશ્યક કર્તવ્યોને કરવાં જોઈએ અને અંતરમાં આધ્યાત્મિક વીર્ય પ્રગટાવવું જોઈએ



धनसत्ता विद्याबल वीर्यवन्तः

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વોનું સાત નયો વડે જે જ્ઞાન કરે છે તે જૈનો ગણાય છે.

ષડ્ દ્રવ્યના ગુણપર્યાયોનું જે જ્ઞાન મેળવે છે તે જૈનો છે.

આત્માની સાથે જ્ઞાનાવરણીયાદિ અષ્ટકર્મનો બંધ કેવી રીતે થયો છે તેનું જે જ્ઞાન કરે છે તે જૈનો છે

જૈન શાસ્ત્રોમાં સર્વ તત્ત્વો સંબંધી સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એ જૈન શાસ્ત્રોમાં પ્રતિપાદિત દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મ શાસ્ત્રોનું જેઓ મનન કરે છે તેઓ સર્વ સાપેક્ષ નયદષ્ટિઓના જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે અને તે જ્ઞાન થવાથી અન્ય દર્શનીય શાસ્ત્રોને પણ સમ્યક્ત્વ શ્રુતરૂપે પરીણમાવી શકે છે

જેઓ સર્વ સાપેક્ષ દષ્ટિથી સર્વ તત્ત્વોનો વિચાર કરે છે તેઓ આ વિશ્વમાં સર્વ માણસોમાં જૈનત્વ પ્રગટ કરવા સમર્થ થાય છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ભેદે જૈનોની વૃદ્ધિ થવાથી જિનોની વૃદ્ધિ થઈ એવી માન્યતાને ધારણ કરનારા નૈગમાદિ નયે જૈનો હોય છે.

જે જૈનો થાય છે તે જિનો બને છે જેનામા જૈનત્વ આવે છે તેનામા જિનત્વ આવે છે માટે જૈનોની સખ્યામા જિનનો વધારો થયો એમ માનવું જોઈએ

એક નવો જૈન બનાવવાથી સિદ્ધાચલના ઉદ્ધાર જેટલુ ફળ મળે છે જૈનો પર તીર્થોની અસ્તિતાનો આધાર રહેલો છે

જૈન થયેલા મનુષ્યોમા એકદમ બધા જ ગુણો ખીલી શકે એવો નિયમ નથી પરંતુ ધીમે ધીમે તેવા ગુણો ખીલવીને કેટલાક ભવે તે જિન બને છે.

માટે જૈન સંખ્યાની વૃદ્ધિમા જિન વૃદ્ધિની શ્રદ્ધા રાખવી જોઈએ ને તે માટે વિચારો અને પ્રવૃત્તિયો કરવી જોઈએ



जैनसंख्यावृद्धया जिनवृद्धिमन्यमानाः

દર વર્ષે ચતુર્વિધ મહાસંઘની પૂજા અને તેનું વાત્સલ્ય કરનારા ગૃહસ્થ જૈનો હોય છે

મહાસંઘમાંથી તીર્થંકરો જન્મે છે. એ તીર્થંકરો પણ મહાસંઘને જપે છે મહાસંઘના સમાન વિશ્વમાં કોઈ મહાન નથી

મહાસંઘની પૂજા કરવાથી તીર્થંકરાદિ પદવીઓની પ્રાપ્તિ થાય છે વસ્ત્ર, ફળ નાણું વગેરેથી મહાસંઘની પૂજા કરવી જોઈએ

મહાસંઘનું વાત્સલ્ય કરવાથી જે ફળ મળે છે તેના બરાબર બીજા ધર્મોનું ફળ આવી શકતું નથી.

મહાસંઘમાં સર્વ ગુણોનો વાસ છે. એવા મહાસંઘનું વાત્સલ્ય કરવાથી કોટી ભવના પાપો પણ તુરત જ નાશ પામે છે

મહાસંઘની પૂજા કરવાથી ગમે તેવા પાપીનો પણ ઉદ્ધાર થાય છે

મહાસંઘમાં પરમાત્માઓ. દેવતાઓ વગેરે વસે છે આ ચતુર્વિધ મહાસંઘની આજ્ઞાનો લોપ કરવાથી કોઈનું કલ્યાણ થતું નથી

મહાસંઘની પૂજાનો લ્હાવો દરેક જૈને લેવો જોઈએ આ સંઘમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મુખ્ય છે માટે તેઓની વિશેષતઃ પૂજા કરવી.

૯

प्रतिवर्षं महासंघपूजा वात्सल्य कारकाः

ગૃહસ્થ જૈનો અને ત્યાગી સાધુઓ જિનદેવ અને ગુરુના ગુણની કીર્તિ કરનારા હોય છે.

જિનેશ્વર અને ગુરુની કીર્તિ વધારવાથી આત્માની શુદ્ધિ થાય છે. તેમજ બીજા લોકોને પણ બોધી બીજની પ્રાપ્તિ થાય છે

મન, વાણી અને કાયાની તેમજ આત્માની શુદ્ધિ કરવી હોય તો ગુરુદેવના ગુણોની કીર્તિ મહાકાળ વધે તેમ કરવુ જોઈએ

પુણ્ય મેળવવુ હોય તો જિનદેવ અને ગુરુની હંમેશા સ્તુતિ કરવી.

ગુરુદેવની પ્રેમ લક્ષણા ભક્તિથી અલ્પ કાળમાં સર્વકર્મનો ક્ષય થાય છે અને અંતે મુક્તિ મળે છે.



जिनदेव, गुरुगुण कीर्तिकरा:

પોતાની શક્તિ પ્રમાણે જૈનો સમ્યક્ત્વ અને સમ્યક્ત્વ પૂર્વક વ્રતને ધારણ કરે છે

વ્યવહાર સમ્યક્ત્વને ધારણ કરવાથી નિશ્ચય સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. વ્યવહાર સમ્યક્ત્વ કારણ છે અને નિશ્ચય સમ્યક્ત્વ કાર્ય છે.

વ્રતો ધારણ કરવાની શકિત ખીલી ન હોય તો વ્યવહાર સમ્યક્ત્વનો સ્વીકાર કરવો

જૈનોએ બાર વ્રતોમાંથી યથાશકિત વ્રત ધારણ કરવા એક વ્રત અંગીકાર કરવું, બે વ્રત લેવા એમ સ્વશકિતનો ખ્યાલ કરી વ્રતો લેવા

ગૃહસ્થના વ્રત ધારણ કરવાથી સાધુના વ્રત અંગીકાર કરવાની શકિત ખીલે છે

કોઇને પૂર્વભવના સંસ્કારથી એકદમ સાધુવ્રત પાળવાની શકિત ખીલે છે માટે દરેક જૈને યથાશકિત વ્રત લેવું જોઇએ



यथाशक्ति सम्यक्त्वपूर्वक व्रतधारकाः

આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ જંગમ તીર્થ છે. અને તીર્થંકર વગેરેના કલ્યાણકો જ્યાં થયા હોય, ગુરુઓ અને સાધુઓ જ્યાં મુક્તિ પદ પામ્યા હોય ધ્યાનયોગી સાધુઓએ જ્યાં ધ્યાન ધર્યાં હોય તે ભૂમિને સ્થાવર તીર્થ કહેવાય છે

જૈનો આ સ્થાવર અને જંગમ તીર્થોની આરાધના કરનારા હોય છે જૈનોએ શ્રી જિનેશ્વરની પ્રતિમાઓ તેમજ સિદ્ધાચલાદિ તીર્થોની આરાધના કરવી જોઈએ તેમજ દર વર્ષે આ બન્ને તીર્થોની આરાધના કરવી જોઈએ

જૈન ધર્માચાર્યો, ઉપાધ્યાયો વગેરે જંગમ તીર્થોની આરાધના કરવી જોઈએ

ગુરુઓના દર્શન કરવા દર વર્ષે યાત્રાએ જવુ જોઈએ સાધુઓની યાત્રાથી તુરત ફળ મળે .

જૈનાચાર્યો તેમજ સાધુઓની યાત્રા કરીને તેમની પાસેથી આત્મજ્ઞાન મેળવવા ખાસ લક્ષ્ય રાખવુ જોઈએ

સ્થાવર તીર્થોની વિધિપૂર્વક આરાધના કરવાથી આત્મગુણો પ્રકટે છે



जङ्गम स्थावर तीर्थाराधकाः

જૈન ધર્માચાર્યોએ જે જે ધર્મ કાર્યો કરવાનો ઉપદેશ કર્યો હોય તે ઉપદેશનો જૈનોએ સ્વાધિકારે પ્રેમથી અમલ કરવો જોઈએ.

શ્રી તીર્થંકરના આગમોનાં રહસ્યોને આચાર્યો સારી રીતે જાણી શકે છે માટે તેમના વચનો પર શ્રદ્ધા રાખીને, ખોટા તર્ક તેમજ શંકાઓને દૂર કરીને તેમની આજ્ઞાનુસારે આત્માની પરમાત્મતા પ્રગટાવવા ધર્મના કાર્યો જૈનોએ કરવા જોઈએ

જૈન ધર્મના તત્ત્વોમા ખોટા તર્કો કરવાથી હિત થતું નથી. પરંતુ જૈનાચાર્યોની આજ્ઞા પ્રમાણે ધર્મ કાર્યો કરવાથી આત્મશુદ્ધિ થાય છે

જૈનાચાર્યોની આજ્ઞા પ્રમાણે ધર્મ કાર્યો કરવામા હિત સમાયુ છે પરંતુ શંકા તેમજ તર્કો કરવામા હિત નથી.

જેઓ તર્ક પર તર્ક કરે છે તેઓનુ ઠેકાણુ પડતુ નથી. અને ઉલ્ટા તેઓ કર્મયોગથી ભ્રષ્ટ થાય છે માટે શ્રદ્ધા વડે પ્રજ્ઞાને સ્થિર કરી. આચાર્યોએ ઉપદેશેલા ધર્મ કાર્યો કરવામા સ્વાધિકારે લયલીન થવુ જોઈએ.

*

जैन धर्माचार्योपदिष्ट धर्मकर्मरताः

જૈન ધર્મની રક્ષા માટે જૈનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવથી સર્વ ઉપાયો વડે પ્રવૃત્તિ કરે છે.

હાલ જૈન ધર્મની રક્ષા કરવાનો ખાસ પ્રસંગ આવેલો છે. બીજા ધર્મોમાં જૈનો ભળી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

અન્ય ધર્મીઓ તરફથી જૈન ધર્મનું ખંડન કરવા માટે જે જે ગ્રંથો કે લેખો લખાતા હોય, ઉપદેશ દેવાતો હોય, અને આ ખંડન પ્રવૃત્તિ માટે જે જે યુકિત પ્રયુકિતઓ કરાતી હોય તે જાણવી અને તેની સામે યોગ્ય ઉપાયો લઈ જૈન ધર્મની રક્ષા કરવી.

પૂર્વે જૈનો જૈન ધર્મની રક્ષા માટે સજાગ રહેતા હતા જૈન ધર્મની રક્ષાના જે ઉપાયો છે તે રાજ્ય રક્ષાના જેવા ગુપ્ત અને અગુપ્ત છે માટે તે તે સમયના ગીતાર્થ ધર્મ ધુરધર ધર્માચાર્યો પાસેથી તે જાણી લેવા.

જૈનધર્મની રક્ષા કરનાર ચતુર્વિધ મહાસંઘ, અને જૈન બ્રાહ્મણ, જૈન ક્ષત્રિય, જૈન વૈશ્ય વગેરે વર્ણ છે.

જૈન ધર્મની રક્ષા માટે ખરા જૈનો આત્માર્પણ પણ કરે છે જે તન, મન અને ધન વગેરેનું અર્પણ કરે છે તે જૈન છે.

આત્મભોગી સર્વ ઉપાયો વડે જૈન ધર્મની રક્ષા કરી શકાય છે



जैन धर्मरक्षार्थं सर्वोपायैः प्रवर्तकाः

સ્વ સમાનધર્મી જૈનોની પ્રગતિ માટે સર્વ શક્તિયોના જૈનો પ્રચારક હોય છે.

જૈનો ધર્મના જ્ઞાતા હોય છે. જૈનોની ઉન્નતિ થાય તે માટે, જૈનો બ્રીટીશ વીરનરોની જેમ સર્વ કાર્યોમાં રાત દિવસ ભાગ લે છે.

જૈનોની ધાર્મિક ઉન્નતિમાં જે જે કષાયો થાય છે તે તે પ્રશસ્ય કષાયો કહેવાય છે. અને તેથી તેવા શુભ કષાયોથી શુભ પરિણામ યોગે પુણ્ય બંધાય છે.

જૈનોની ઉન્નતિ થાય એવા શુભ કાર્યોમા વપરાતા મન, વચન અને કાયાના વ્યાપારને શુભ યોગ વ્યાપાર કહેવામાં આવે છે.

જૈન સંઘની પાસે જે જે શક્તિયો હોય તે તે તે સર્વ શક્તિયોને જૈનોની ઉન્નતિ માટે વાપરવી જોઈએ. જૈનોની પાસે જે છે તે જૈનોની ઉન્નતિ માટે વાપરવાનું છે

જે લોકો મોજશોખ અને વ્યસનોમાં આસક્તિ રાખીને પોતાની શક્તિયોનો દુરૂપયોગ કરે છે તે લોકો પોતાને તેમજ પોતાની સંતતિને અવનતિના ખાડામાં ઉતારે છે માટે જૈનોએ સમજીને સમૂહીભૂત સર્વ શક્તિયો ખર્ચીને જૈનોની ઉન્નતિ કરવી જોઈએ જેથી જૈન કોમનો સૂર્ય ઝળહળી ઉઠે.



जैनानां प्रगत्यर्थं सर्वशक्ति प्रचारकाः

ગચ્છાદિ ભેદો હોવા છતાં પણ જૈનો ક્ષેત્રકાલાનુસારે સંપથી સંઘનુ રક્ષણ કરનારા બને છે

જે જૈનો સમયજ્ઞ અને ધર્માભિમાની હોય છે તે કદાપિ સંઘબળનો નાશ થાય એવી ફાટફુટની પ્રવૃત્તિ કરતા નથી અને હજારો મતભેદ હોય તો પણ સંઘના સંપનો ત્યાગ કરતા નથી.

સંઘબળના ઐકયથી સંઘનું રક્ષણ થાય છે સંઘની સત્તાનો નાશ થાય એવા જે પગલાં ભરે છે તે સંઘ અને તીર્થંકરનો દ્રોહી બને છે. તેનાથી ઉલ્ટું જે સંઘબળનુ રક્ષણ થાય એવી ઐકયની પ્રવૃત્તિ કરે છે તે સંઘ અને તીર્થંકરનો ભકત બને છે.

જૈનોનાં સર્વ ગચ્છગત પંથોમા સામ્યભાવથી રહેનારને સંઘબળ રક્ષક કર્મોથી મુકિત મળે છે. ઐકયનો નાશ કરવાની જે પ્રવૃત્તિ કરે છે અને વિચારો કરે છે તે ધર્મનો વિરાધક બને છે. ઐકયથી સંઘબળ રક્ષક જૈનો સ્વર્ગ અને મુકિતને પામે છે

હરેક માણસે પોતાની જાતનું અપમાન સહી લેવું પણ સંઘબળ તૂટે એવુ પગલુ ભરવુ નહિ સંઘનો દ્રોહ કરવાથી મહાપાપ બંધાય છે માટે કદી સંઘદ્રોહી બનવુ નહિ

સંઘબળના રક્ષણ માટે ઐકયથી ઘટતા ઉપાયો લેવા ને તે માટે જે આત્મભોગ આપવો પડે તે આપવો અને સંઘબળનુ રક્ષણ કરવુ. સંઘબળ વિના જૈનોની ઉન્નતિ નથી માટે હરેક ઉપાયે સંઘબળનુ રક્ષણ કરવુ.

ऐक्येन संघबलरक्षकाः

જૈન કર્મયોગીઓ વર્તમાન ક્ષેત્ર કાલાનુસારે જૈનોની ચાતુર્વર્ણિક સંખ્યાની વૃદ્ધિ માટે, આપદ્ ધર્મ વડે જેમ રાજ્ય રક્ષણના ઉપાયો લેવામા આવે છે તેની જેમ આપદ્ધર્મના નિયમોને અનુસરીને આપદ્ધર્મ કાર્યો કરે છે

પૂર્વના કાળમા અને વર્તમાન કાળમાં ઘણો ફેરફાર છે. આજીવિકા વગેરેના સાધનોના પણ ઘણા ફેરફાર થયો છે હવે તો આપદ્ધર્મ કાર્યો વડે જૈનોની સંખ્યા વધારવા માટે કર્મયોગીઓ પ્રવૃત્તિ કરી શકે છે

રાજ્ય રક્ષણ માટે આપત્કાલે કેટલાક [illegible] કાયદાઓનો અમલ કરવામા આવે છે તેમ આપત્કાલના જૈનોના રક્ષણ તેમજ તેની સંખ્યા વૃદ્ધિ માટે તેવા [illegible] ધર્મ કર્મોના ઉપાયો [illegible] [illegible] નથી પણ ધર્મ છે



वर्तमानकालक्षेत्रानुसारेण जैनानां वृद्धयर्थं राज्यरक्षोपायवदापद्धर्मभिः कर्मयोगिनः वर्तन्ते।

જૈનો, જૈનધર્મનું શિક્ષણ આપનારા, ધર્મની શ્રદ્ધા વધારનારા તેમજ જૈન શાસ્ત્રોનો પરિપૂર્ણ અભ્યાસ કરાવનારા એવા જૈન ગુરુકુળોના સ્થાપકો હોય છે.

જૈન ગૃહસ્થ ગુરુકુળ, જૈન શ્રાવક ગુરુકુળ, જૈન સાધુ ગુરુકુળ, જૈન સાધ્વી ગુરુકુળ એ ચાર ગુરુકુળો સ્થાપવાની ખાસ જરૂર છે. જૈનધર્મનું શિક્ષણ આપીને જૈન ધર્માભિમાન જગાડે, જૈન ધર્મ પર પૂર્ણ શ્રદ્ધા કરાવે અને જૈનો અન્ય ધર્મીઓની સાથે તેમજ જ્ઞાનચર્ચામાં પાછા ન પડે તે માટે ગુરુકુળો સ્થાપવાં જોઈએ.

આર્ય સમાજીઓ વગેરેની જેમ જૈન કોમ જો હવે સવેળા નહિ ચેતે તો જૈન કોમ લક્ષ્મી અને સત્તા હોવા છતાં પણ ધર્મથી અજાણ બનીને ધર્મભ્રષ્ટ બની જશે

ધર્મ વિદ્યા વિનાની એકલી કર્મ વિદ્યાથી આત્મોન્નતિ થતી નથી. માટે જૈનોના જે કરોડો રૂપિયા બીજી બાબતમા ખર્ચાય છે તેમાથી ઘટાડો કરીને, જૈનધર્મનાં ગુરુકુળો સ્થાપીને જૈન ધર્મ શાસ્ત્રોનો અભ્યાસ કરાવવામાં હવે જરા માત્ર પણ વિલંબ કરવો જોઈએ નહિ

जैनधर्म गुरुकुलोद्योतकाः

ચાર પ્રકારનાં જૈન ગુરુકુળોને ચાર પ્રકારના જંગમ તીર્થો ગણીને તેને સદ્ધર કરવામાં તન, મન અને ધનનો આત્મભોગ આપવો જોઈએ.

વિદ્યા અને પૈસો હોવો છતાં જૈન ધર્મનું પૂર્ણ જ્ઞાન મેળવ્યા વિના જૈનોમાં ધાર્મિક જુસ્સો ખીલી શકવાનો નથી.

વીર્ય ન હોય તો શરીરનો નાશ થાય છે તેમ જૈન કોમમાથી ધાર્મિક જ્ઞાન અને ધાર્મિક જુસ્સો નષ્ટ થતાં, જૈન કોમની આત્મા વગરના શરીર જેવી દશા થાય છે.

માટે ચતુર્વિધ જૈન કોમે હવે ચાર પ્રકારનાં જૈન ગુરુકુળો સ્થાપીને પોતાની જાહોજહાલી વધારવી જોઇએ.



જૈનોનાં ગમે તેટલા ફીરકાઓ હોય, ગમે તેટલા ગચ્છો હોય, ગમે તેટલા સંઘાડા હોય, પરંતુ જિનેશ્વરે કહેલાં તત્ત્વોને માનનારા જૈનો, એક સરખા પરસ્પર સમાન ધર્મવાળા બંધુઓ છે.

જૈનોની નસેનસમાં મહાવીર પ્રભુના ધર્મનો જુસ્સો વહે છે ત્યાં સગાવહાલાં તેમજ સંબંધી કરતા ધર્મનો સંબંધ વિશેષ હોય તેમાં આશ્ચર્ય નથી

જૈનોએ પરસ્પર એક બીજાને મદદ કરવા માટે સર્વ શકિતયોનું સ્વાર્પણ કરવુ જોઈએ શ્રી મહાવીર પ્રભુના ધર્મ ઝંડા હેઠળ બધા જૈનોએ સંપીને ભેગા થઈને, પરસ્પર એક બીજાના આત્મા માટે પ્રાણાર્પણ કરતા પણ જરાય અચકાવુ જોઈએ નહિ.

સાધર્મિકો પર આવી પડેલાં દુઃખોને દૂર કરવા જોઈએ સાધર્મિને ધનાદિકથી મદદ કરવી જોઈએ તેમને આજીવિકાના સાધનો આપવા જોઈએ તેમને શિક્ષણ તેમજ વ્યાપારમા માંગેલી જરૂરી મદદ આપવી જોઈએ. અને આ બધી મદદ જાહેર કરતા ગુપ્તપણે જ વિશેષ આપવી જોઈએ.

સાધર્મિકોના કાર્યો કરવામા જૈનોએ કર્મયોગી બનવુ જોઈએ



साधर्मिकार्यं सर्वस्वार्पणकारकाः

જૈનો ક્ષેત્રકાલાનુસારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના કર્મો વડે આજીવિકા વૃત્તિ ધારણ કરનારા બને છે વિદ્યા વડે શિક્ષક બની, પ્રોફેસર બની આજીવિકા ચલાવવી. સેવાના કાર્યમાં જોડાઈ વીર યોદ્ધાને છાજે તેવાં કાર્યો કરી કુટુંબાદિનું ભરણ પોષણ કરવું આાન કરવું તે ક્ષાત્રવૃત્તિ ગણાય છે. અનેક પ્રકારની હુન્નરકળા વડે તેમજ શિલ્પ કળા વગેરેથી આજીવિકા ચલાવવી તેમજ કૃષિકર્મ કરવું તે વૈશ્યવૃત્તિ ગણાય છે બ્રાહ્મણો, ક્ષત્રિય, વૈશ્યો, તેમજ રાજા વગેરેની નોકરી કરીને આજીવિકા ચલાવવી તે શૂદ્ર કર્મવૃત્તિ ગણાય છે

જૈનોએ ગમે તે પણ નીતિથી આજીવિકા ચલાવવી. દારૂ માંસ, કન્યાવિક્રય, વગેરે પાપકર્મ વડે આજીવિકા ચલાવવી નહિ

નીતિપૂર્વક ધંધો કરીને ઉદર નિર્વાહ કરવો અને વખતસર દેવગુરુની આરાધના કરવી

ચાર વર્ણોએ નીતિપૂર્વક ધંધો કરીને ઉદરનું પોષણ કરવું પરંતુ ભીખ માગીને આ દેવ કે ગુરુ દ્રવ્યનું ખાઈને જીવવું યોગ્ય નથી આપત્તિકાલે અપવાદિક કર્મો વડે પણ નીતિથી આજીવિકા ચલાવી જીવવું.



જૈનોમાં પ્રતિષ્ઠાનાં કેટલાક કાર્યો તથા સોળ સંસ્કાર પૈકી ગૃહસ્થ યોગ્ય સંસ્કાર કરાવનાર જૈનધર્મ પાલક ગૃહસ્થ ગુરુઓ હોય છે. તેઓની ત્યાગી ગુરુઓ જેટલી મહત્તા નથી ગૃહસ્થ ગુરુ કરતાં ત્યાગી ગુરુઓ અનંતગુણા મોટા છે. ગૃહસ્થની દશા પ્રમાણે ગૃહસ્થ જૈનો જૈન ગૃહસ્થ ગુરુઓની ભક્તિ કરે છે બ્રહ્મચારી શ્રાવકો, બાર વ્રતધારી શ્રાવકો અને જૈન બ્રાહ્મણો ગૃહસ્થ ગુરુ બની શકે છે. જૈનોએ આ ગુરુઓની ભક્તિ કરવી જોઇએ.

જૈન ગૃહસ્થ ગુરુઓ વ્યાકરણ, ન્યાય, વગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરે છે અને જૈનધર્મની સત્યતા બતાવે છે. અન્ય ધર્મીઓના વાદી સાથે વાદ કરીને જૈનધર્મની સત્યતા સિદ્ધ કરનાર આ ગુરુઓની ભક્તિ કરવી જોઈએ મારવાડમાં જૈન સેવક બ્રાહ્મણો, ભોજક બ્રાહ્મણો વગેરે ગૃહસ્થ ગુરુ બનીને જૈનધર્મના સંસ્કારો કરાવે છે ભોજકો, સેવકો તેમજ બ્રાહ્મણોનાં બાળકોને જૈન ગુરુકુળોમાં રાખી જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરાવી તેમનો ઉદ્ધાર કરવો જોઇએ તેમજ જૈનધર્મ મંત્રો વડે જિનોપવિત આદિ સંસ્કારોથી સંસ્કારવા જોઇએ તે પછી જ તેઓ બીજાઓને તે સંસ્કારો આપી શકવા યોગ્ય બને. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ત્યાગી ગુરુ કહેવાય છે. આવા ત્યાગી જૈનાચાર્યો સર્વ જૈન કોમના જગદ્ગુરુ બની શકે છે માટે તેઓની હરરોજ પૂર્ણ પ્રેમ અને શ્રદ્ધાથી ભક્તિ કરવી જોઇએ

गृहस्थगुरूणां त्यागिगुरूणां च
यथायोगं भक्तिकारकाः

જૈનો દેશસેવામાં તથા દેશની ઉન્નતિમા ભાગ લઈ શકે છે સ્વ જન્મભૂમિની સેવા કરવામા ભાગ આપવો એ સ્વધર્મ છે. તેનાથી જૈનોએ કદી ભ્રષ્ટ થવુ ન જોઈએ

રાજ્ય અને રાજાના કાર્યોમા પ્રધાન, કારભારી આદિ પદો પ્રાપ્ત કરીને દેશ સેવામાં ભાગ લેવો જોઈએ દેશ ધર્મ અને રાજ્ય ધર્મ કર્મ કરવામા દરેક જૈને સ્વાધિકારે પ્રવૃત્તિ કરવી જોઈએ

પ્રવૃત્તિ માર્ગમા પરિપક્વ થયા વિના નિવૃત્તિ માર્ગની રક્ષા તથા આરાધના થઈ શકતી નથી. નિવૃત્તિ રૂપ ક્ષેત્રને રક્ષવા માટે પ્રવૃત્તિ છે તે વાડના જેવુ કામ આપે છે. માટે પ્રવૃત્તિદ્વારા જ નિવૃત્તિની આરાધના કરવી.

દેશ, રાજ્ય અને ધર્મ કાર્યના સારા ભાગ લેવા જોઈએ જૈને કોમ, જ્ઞાતિ, સંઘ અને સમાજનો ઉદય કર્યો હોય તો દેશ, રાજ્ય અને ધર્મ સેવામા અગ્રગામી બનવુ જોઈએ

દેશ રાજ્ય અને ધર્મ સેવાથી સ્વપરની પ્રગતિ સાધી શકાય છે માટે જૈનોએ તે તે સેવા કાર્યો કરવા જોઈએ.

देश राज्य धर्मकर्मभिः प्रगतिकारकाः

જૈનો અનેકાંત દૃષ્ટિએ બ્રહ્મ, આત્મા, પરમાત્માના અનંત જ્ઞાનાદિ ધર્મોની આરાધના કરે છે.

વ્યવહારનય અને નિશ્ચય નયથી બ્રહ્મધર્મનું સ્વરૂપ સમજવું જોઈએ, અનેક નયોની અપેક્ષાએ બ્રહ્મ ધર્મ અર્થાત્ આત્માના જ્ઞાનાદિ ધર્મોની આરાધના કરવી જોઈએ.

શરીર ધર્મ, વાણી ધર્મ, મન ધર્મ, અને આત્માનો ધર્મ એ ચારેમાં આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર ધર્મજ ઉત્તમ છે

આત્મજ્ઞાન પામ્યા વિના અને આત્મ ચારિત્ર પામ્યા વિના આત્મ ગુણની પ્રાપ્તિ થતી નથી આત્મામાં જે જોઈએ તે છે આત્માને અનેકાંતપણે અનુભવવો

આત્મા કરતાં આ વિશ્વમાં કોઈ મહાન નથી. આત્મા તે જ પરમાત્મા છે આત્માના અસ્તિ નાસ્તિપણું, અનેકાંતનયે આખું વિશ્વ સમાય છે માટે આત્મધર્મી જૈનોએ આત્માની આરાધના કરવી અને શ્રાવકના બાર વ્રત વડે, સાધુનાં પાંચ મહાવ્રત વડે તેમ જ યોગના અષ્ટાંગ વડે આત્માની શુદ્ધિ કરવી જોઈએ



अनेकान्त ब्रह्मधर्माराधकाः

જે દ્રવ્ય શત્રુઓ અને ભાવ શત્રુઓને જિતે છે પરંતુ તેનાથી જેઓ હારતા નથી તે જૈનો કહેવાય છે

જે ભયશીલ, બીકણ અને નામર્દ છે તે જૈન નામને સાર્થક કરી શકતા નથી જે જૈનો અન્ય જનોથી [illegible], શક્તિમા, વ્યાપારમા તેમજ ધર્મ કાર્યો કરવામા હારી જાય છે તે જૈનત્વને લજવે છે જે શત્રુઓને જિતનારા છે તે જ જો શત્રુઓને તાબે થઈ જાય તો તે જૈન ગણી શકાય નહિ

શત્રુઓને જિતનારા લોકો જૈન ગણાય છે કોઈ પણ કાર્યમા જય મેળવવો તે જૈનની મુખ્ય ફરજ છે

જે દ્રવ્ય જૈન બની શકતા નથી તે ભાવ જૈન બની શકતા નથી તીર્થંકરો પ્રથમ દ્રવ્ય જિન બન્યા હતા પછી તેઓ ભાવ જિન બન્યા હતા.

પરાજય આપનારા વિચારો અને પ્રવૃત્તિઓને જે કરે છે તેમજ તેનો અનુયાયી બને છે તે જૈન બની શકતા નથી વ્યવહાર અને નિશ્ચયથી જે વિજયના વિચારો અને કાર્યો કરે છે તે જૈન ગણાય છે

જે દુર્ગુણો પર, દુષ્ટ વ્યસનો પર તથા ખરાબ આચારો પર વિજય મેળવે છે તે જૈન નામને સાર્થક કરે છે

●

द्रव्यभाव वैरिजयेन सार्थक नाम धारकाः

પંચમ આરામાં–કલિયુગમાં અનાર્ય ધર્મીઓથી અર્થાત જે લોકો રજોગુણી તમોગુણી તથા અન્યાય પાપ કર્મ વગેરેથી જીવનારા છે, તથા નીતિપરાયણ આર્યો તેમજ લોકોનો નાશ કરવાના સ્વભાવવાળા છે તેમજ તેવું કરવામાં જે ધર્મ માને છે એવા અનાર્ય ધર્મીઓ કરતા વિશેષ ક્ષાત્ર બળ, સત્તા, વિદ્યા, ધન બળ તેમજ શારીરિક માનસિક અને આત્મિક બળ વડે દ્રવ્ય અને ભાવ જીવનથી જીવવાના, ઔત્સર્ગિક અને આપવાદિક વિચારો અને કર્મોના જે તત્પર હોય છે તે જૈનો બની શકે છે.

અનાર્ય ધર્મીઓ કરતા આર્ય ધર્મીઓના જીવન બળ વિશેષ હોય તો જ [illegible] દુષ્ટ પાપી મનુષ્યોના હાથે ધર્મી આર્યોનો નાશ ન થાય. અનાર્ય લોકોની વિશેષ શક્તિ હોય છે ત્યાં તેઓ ધર્મ નીતિ પરાયણ આર્યોનો નાશ કરે છે માટે આર્ય જૈનોએ અધર્મીઓ કરતા વિદ્યા, ધન, સત્તા બળ વીર્યની વિશેષ શક્તિ મેળવીને ધર્મ તથા ધર્મ જીવનને જીવવું જોઇએ.

૯

पंचमारके ऽनार्यधर्मिभ्यो
विशेष विद्यासत्ताधनबलशौर्यादिभिः
जिनोपासक विचार वर्गं [illegible].

રાજ્ય, દેશ, આજીવિકા, તેમજ ધર્મ સંબંધી નીતિમય વિશાળ આચાર વિચારોને ધારણ કરનાર જૈનો હોય છે

સાંકડા આચાર વિચારથી દેશ, કોમ, જાતિ, સંઘ તેમજ ધર્મની પાયમાલી થાય છે. ધર્મ પરત્વે સાંકડા આચાર વિચારથી ધર્મનો નાશ થાય છે.

અર્વાચીન જૈનોના ધર્મ સંબંધી સાંકડા આચાર વિચારથી ચારે વર્ણમા જૈનધર્મ પાળનારી માત્ર એક વૈશ્ય કોમ રહી અને તેમાંય પણ તે કોમમાંથી એક વણિક જાતી જ રહી આ જાતિના પૂર્વ ચોરાશી ભેદો જૈનોના હતા તેમાંથી હવે તો કેટલીક જ જૈનધર્મ પાળનારી જાતિ રહી છે

ઉદાર આચાર વિચારવાળા જૈનો અન્ય જાતિયોને પોતાના જૈનધર્મમાં સમાવી શકે છે. અને જે કાળે જે રીતે જૈન કોમની સંખ્યા વધે એવા ઉદાર આચાર વિચારથી તેઓ બીજા માણસોને જૈનધર્મી બનાવી શકે છે.

ઉદાર આચાર વિચારનું સાધ્ય બિંદુ સ્વતંત્રતા તેમજ પ્રગતિ છે

उदार विचार धारकाः

જૈન કોમની ઉન્નતિ થાય એવા ઉદાર આચાર વિચાર રાખતાં ઘણું સહેવુ પડે છે તે માટે હૃદયને ઉદાર કરવુ પડે છે. જમાનો ને ઉન્નતિના ઉપાયોને હૃદય સામા જોવા પડે છે. સ્વાર્થનો ત્યાગ કરવો પડે છે પરમાર્થ માટે હૃદયના દ્વાર ખુલ્લાં કરવા પડે છે બધા જ માણસોના વિચારો સામું જોવુ પડે છે સ્વચ્છંદ નહિ પરંતુ માણસોની સ્વાધિકારે સ્વતંત્રતા કેવી રીતે હોય છે તેનો અનુભવ કરવો પડે છે ઉદાર આચાર વિચાર માટે સુધારા કરવા પડે છે.

જૈન સાધુઓના મૂળ વ્રતોની સાથે વિહાર તેમજ ઉપદેશાદિ પ્રવૃત્તિમાં જૈન ધર્મની વૃદ્ધિ થાય એવા ઉદાર ભાવથી પ્રવૃત્તિ કરવી જોઈએ જૈન સાધુઓ તેમજ જૈનાચાર્યો સર્વત્ર સર્વ દેશમા વિહાર કરીને ભગવંતના પૂર્વક ઉપદેશ આપી શકે એવા ઉદાર આચાર વિચારોને જમાનાના અનુસારે અપનાવવા જોઈએ

ઉદાર આચાર વિચારથી જૈનોની સર્વ બાબતોમાં પ્રગતિ થાય છે.

ઉદાર વિચારથી સ્વતંત્રતા મળે છે તેમજ ઉદાર આચારોથી ઉદાર થવાય છે

જૈન આચાર્યો ઉદાર બની તેની પરંપરામાં [illegible]

જે ધર્મમાં ઉદાર આશયો છે તે ધર્મમાં લોકો ભળે છે: જૈન ધર્મના આચારો તથા તત્ત્વોમા ઉદારતા સમાયેલી છે.

દુનિયામાં પ્રવર્તતા સર્વ ધર્મોને અનેક ઉદાર તેમજ સાપેક્ષ દૃષ્ટિયોથી પોતાનામા સમાવી દેનાર જૈન ધર્મની અંતર ઉદારતાને કોણ પ્રાપ્ત કરી શકે તેમ છે?

જેઓ વ્રત પ્રત્યાખ્યાન ન કરી શકે તે દેવ-ગુરુની ભક્તિ કરીને ચતુર્થ ગુણસ્થાનક વર્તી જૈનો તરીકે રહી શકે અને જે એકાદિ અણુવ્રતધારી જૈન બની શકે છે. સાધુઓના વ્રત લે તે મુનિ કહેવાય ઇત્યાદિ અધિકાર પરત્વે ઉદારતાથી મુક્તિ માર્ગની વ્યાખ્યા કરનાર જૈન ધર્મ છે.

બધા જૈનોનો એક સરખો વિચાર તેમજ આચાર હોતો નથી. અનેક સ્વાતંત્ર્યને રક્ષનાર જૈન ધર્મ છે.

જૈન ધર્મનુ સ્વરૂપ જાણ્યા વિના હાલમાં કેટલાક પ્રવર્તતા સંકુચિત વિચારાચારથી જેઓ જૈન ધર્મને સંકુલ સમજે છે તેઓએ ઉદાર વિચાર તથા આચારમય જૈન ધર્મનુ સ્વરૂપ જાણવું જોઇએ. અને સત્ય જૈનો બની ઉદાર આચાર વિચારક બનવું જોઇએ.



આર્ય જૈનો આર્યનીતિના રક્ષક હોય છે. આર્યો સનાતન જૈનો છે ઋષભદેવના સમયથી તેઓ આર્ય હિંદુસ્તાનમાં વસનારા છે. મધ્ય એશિયા ખંડમાંથી કેટલાક હિંદુસ્તાનમાં આવ્યા તે વખતનું વર્ણન ઋગ્વેદ આદિમાં છે હિંદુસ્તાનમાં પૂર્વકાલથી વસનાર જૈન આર્યોના વેદો અનાદિકાળના હતા છે. ઋષભદેવ પ્રભુના પુત્ર ભરત રાજાએ વેદો બનાવ્યા ત્યારથી જૈનો હિંદુસ્તાનમાં વસતા હતા. ને આર્યો સનાતન જૈનો છે ને આર્ય સનાતન જૈનોના આગમો. નિગમો તેના જ જૈન શાસ્ત્રોની આર્ય નીતીરીતિનો અનુભવ કરવો જોઇએ અને તેનો સર્વ દેશોમાં ઉદાર ભાવથી પ્રચાર કરવો જોઇએ

આર્ય નીતિરીતિથી ધર્મનું રક્ષણ થાય છે આ આર્ય નીતિરીતિથી જેઓ વર્તે છે તેઓ નામ માત્રથી આર્ય છે તેમ જણાવું જૈન શાસ્ત્રો આર્ય માન્યતા યુક્ત છે આથી જૈનો પણ આર્ય જ છે

આર્ય નીતિરીતિથી આત્માની શુદ્ધિ થાય છે આર્યોની નીતિરીતિની માન્યતાઓને રક્ષણ તેના તપોગણની મુખ્યતાને માનવી જોઇએ

બધા દેશોના માણસોને સુખ, શાંતિ, સ્વાતંત્ર્ય તેમજ આરોગ્ય આપવામાં આર્ય આચાર વિચારો શ્રેષ્ઠ જણાય છે

आर्य नीतिरीति रक्षकः

દયા તેમજ સત્યના સિદ્ધાંતને પ્રધાનતા આપનાર આર્યો છે. શ્રી જિનેશ્વરના ભક્તો આર્યો ગણાય છે. જૈન શાસ્ત્રોમાં જૈન સાધુઓને આર્ય અને જૈન સાધ્વીઓને આર્યા કહેવામાં આવી છે.

આર્ય જૈનો જ્યારે વિદ્યા તેમજ જ્ઞાન વગેરે પરાક્રમથી હીન બની જાય છે ત્યારે તેઓ અનાર્યોથી જિતાય છે અને તેથી તેઓ ગુલામ જેવા બની જાય છે માટે આર્ય જૈનોએ ધાર્મિક આચાર વિચારોથી તેમજ વિદ્યા વગેરેથી બળવાન બનવુ જોઇએ. અને કામ, ક્રોધ, લોભ, મત્સર, ઇત્યાદિ વગેરે દુર્ગુણોનો નાશ કરવો જોઈએ

કામ, લોભ તેમજ મોજમઝાથી શારીરિક બળ શક્તિનો ક્ષય કરી નિર્બળ, અક્કલહીન બાયલા પાત્ર બની ગયેલા જૈનોને દુનિયામાં જીવવાનો હક્ક નથી. કર્મયોગી બન્યા વિના હવે જૈનોને દુનિયામા વ્યાવહારિક તેમજ ધાર્મિક જીવન જીવવાનો અધિકાર રહેવાનો નથી

જૈનત્વની લાગણી વિનાના અને આર્ય જૈન નીતિ રીતિથી ભ્રષ્ટ થયેલા જૈનો પર તેમના પૂર્વજોના શ્રાપ પડે છે માટે જૈનોએ ગમે તેવા સજોગોમા પણ જૈનત્વ ખોવું ન જોઈએ. અને આર્ય જૈન નીતિરીતિનો નાશ થતો અટકાવી તેનો સમયાનુસારે યોગ્ય બની પુનરૂદ્ધાર કરવો જોઈએ.

જે જૈનને જૈન નીતિરીતિનું ભાન નથી તે તેની માતાને લજવે છે, ખગ જૈનો તો ધર્મમાં શૂરવ બની આર્યનીતિ રીતિના સંરક્ષક બને છે

⊙

જૈનો સ્વાશ્રયાલંબી હોય છે. તેઓ સ્વાશ્રય બળ વડે આજીવિકાદિ સાધનોથી [illegible] વર્તે છે.

જેઓ સ્વાશ્રયી હોય છે તેઓ જ બળવાન બને છે જ્યારે પરાશ્રયી મનુષ્યો બળવાન બની [illegible] નથી [illegible] ધારેલા કાર્યો [illegible]

આત્મશ્રદ્ધા અને આત્માવલંબન [illegible]

स्वाश्रयावलम्बिनः

જૈને વીશ પચ્ચીસ વર્ષ સુધી શારીરિક વીર્યની રક્ષા કર્યા બાદ સ્વાશ્રયાવલંબી થઈને ગૃહસ્થાવાશની પોતાનામાં યોગ્યતા આવ્યા પછી જ લગ્ન કરવું જોઈએ અને જૈન મંત્રો વડે ગર્ભાધાનાદિ સંસ્કારો કરાવવા જોઈએ કે જેથી તેમના બાળકો પણ સ્વાશ્રયાવલંબી બની શકે

સ્વાશ્રયી બન્યા વિના દેશ, કોમ, રાજ્ય તેમજ સંઘની સેવા કરી શકાતી નથી તેમજ જૈનોના પ્રગતિ કાર્યોમાં આત્મભોગ આપી શકાતો નથી.

એક શૂરો સોને હરાવે તેમ એક સ્વશ્રાયી જૈન હજારો પરાશ્રયીઓને હરાવે છે. અને તેમ કરી તે દુનિયામાં આગળ આવે છે.

સ્વાશ્રયી જૈનો સર્વની ઉન્નતિ કરી શકે છે માટે જૈનો જાગો ! ઊઠો ! સ્વાશ્રયી બનો ! અને બધાની ઉન્નતિ કરો ! પોતાના આત્મબળ પર વિશ્વાસ રાખો. બીજાની મદદની ઇચ્છા ન રાખો તમે જાતે જ બધા કાર્ય કરો અને જૈન ધર્મની આરાધના કરી જૈનોની પ્રગતિ કરો



અહં મમતા વિના નિર્લેપપણે જૈનો આવશ્યક લૌકિક તથા લોકોત્તર કાર્યોને કરે છે.

શ્રી કૃષ્ણના ઉપદેશથી અર્જુન કર્મયોગી બન્યો શ્રી નેમિનાથના ઉપદેશથી શ્રી કૃષ્ણ કર્મયોગી બન્યા શ્રી મહાવીર પ્રભુના ઉપદેશથી શ્રેણિક રાજા કર્મયોગી બન્યા તેમ જૈનોએ નાગરૂપ મોહ-નાગના તેમજ અહંતા વગેરેના નાશ કરી કર્તવ્ય કાર્યોને કરવા જોઈએ

બધા કર્તવ્ય કાર્યો કરવાથી મન, વાણી અને કાયાનો સદુપયોગ થાય છે તેમજ આત્માની શક્તિ પણ થાય છે અનેક જ્ઞાનીઓના અનુભવથી કર્મયોગીની દશા પ્રાપ્ત થાય છે

પાશ્ચાત્ય કર્મયોગીઓની જેમ [illegible] [illegible] [illegible] જૈન કર્મયોગીઓ [illegible] [illegible] [illegible] [illegible] છે

धर्मयोगिनः

હિંદુસ્તાનમાં સર્વ ધર્મીઓ જો કર્મયોગી બને તો હિંદુસ્તાનમાં જે જે શક્તિયોનો ઉદ્ધાર કરવાની જરૂર છે તે સહેજે બની શકે તેમાં જરાય શંકા નથી.

જ્ઞાન યોગીઓએ કર્મયોગી બની હાનિકારક રીવાજોનો નાશ કરીને માણસોને પ્રગતિના પથે ચડાવવા જોઈએ.

દરેક જૈને વ્યાવહારિક અને ધાર્મિક કેળવણી પૂરેપૂરી લેવી જોઈએ અને પછી કર્મયોગી બનવું જોઈએ.

જ્ઞાની બન્યા વિના કોઈ કર્મયોગી બની શકતું નથી જૈન પુરુષો અને સ્ત્રીઓએ પ્રભુની આજ્ઞારૂપ આ સૂત્રને માનીને કર્મયોગી તેમજ સ્વાશ્રયી બની, એકમેકની શકિતયો વધે અને અધ્યાત્મ જ્ઞાનની પૂર્ણ પ્રાપ્તિ થાય એવા ઉપાયો લેવા જોઈએ.



જેનાથી પાપબુદ્ધિ જન્મે તે અધર્મ ગણ્યો છે જેનાથી વીતરાગ દેવના આગમો પર અશ્રદ્ધા પેદા થાય તે અધર્મ આચાર વિચાર છે

જૈનાગમોથી અને જૈન ધર્મના [illegible] વિરુદ્ધ હોવા આચાર વિચારને અધર્મ [illegible] [illegible] અને [illegible] મન, વચન અને કાયાની [illegible] [illegible] વિપરીત શ્રદ્ધાને અધર્મ [illegible] જૈનધર્મથી વિપરીત ધર્મ [illegible] [illegible] વિચારને અધર્મ [illegible]

[illegible]

અધર્મથી દુનિયાના તમામ માણસોની પડતી થાય છે. અધર્મથી દુનિયાનો નાશ થાય છે.

હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, માંસભક્ષણ, દારૂપાન, અપ્રમાણિકતા, વૈર, અભિમાન, અજ્ઞાન, નિંદા, કામ, ક્રોધ, કપટ વગેરે દુર્ગુણો તે અધર્મ છે.

આ અધર્મ મોહરૂપ છે માટે તેનો નાશ કર્યા વિના ગૃહસ્થ અને ત્યાગી, આત્માના જ્ઞાનાદિ ગુણો મેળવી શકતા નથી

અધર્મથી કોઈપણ દેશ, રાજા કે પ્રજાનો ઉદય થતો નથી અને ભવિષ્યમાં થશે પણ નહિ.

રજોગુણ અને તમોગુણથી અધર્મ થાય છે તેમજ આશ્રવનું સેવન કરવાથી પણ અધર્મ થાય છે.

તત્ત્વનું યથાશક્તિ અધિકારે સેવન કરવું તે ધર્મ છે.

જૈન સંઘનું રક્ષણ કરવું તે ધર્મ છે.

જૈનાગમોનું રક્ષણ કરવું તે ધર્મ છે.

જૈન ધર્માભ્યાસીઓનું, આચાર્યોનું, સાધુઓનું, તથા સાધ્વીઓનું રક્ષણ કરવું તે ધર્મ છે.

અન્ય દર્શનીયોથી જૈનો સ્પર્ધાશીલ હોય છે જ્યાં સુધી વ્યવહાર છે ત્યાં સુધી સ્પર્ધાશીલ સ્વભાવ રાખવો જોઇએ પરંતુ આ માટે ઇર્ષ્યા કરવી જોઈએ નહિ

સ્પર્ધા કર્યા વિના અન્યધર્મીઓ કરતા કોઈ વખત આગળ વધી શકાતું નથી

શ્રી ઋષભદેવના પ્રારંભ સમયથી પરંપરાએ જૈનો ચાલ્યા આવે છે છતા જૈનોની સંખ્યા હાલ તેર લાખની છે જ્યારે હિંદુસ્તાનમા બસો જ વરસ લગભગથી આવેલા ખ્રીસ્તિયોની સંખ્યા બેતાલીસ કરોડની છે બૌદ્ધોની સંખ્યા આશરે અડતાલીસ કરોડની છે મુસલમાનોની સંખ્યા આશરે ચોત્રીસ કરોડની છે હિંદુઓની આશરે બાવીસ કરોડની સંખ્યા છે જ્યારે જૈનોની સંખ્યા તેર જ લાખ !!

સાધુઓમા પણ હિંદુ, બૌદ્ધ તેમ જ મુસલમાનોની સંખ્યા લાખોની છે જ્યારે બે ત્રણ ફીરકાના ભેગા થઈને જૈનો સાધુઓની સંખ્યા બે ત્રણ હજારની જ છે !!

આ જોતાં લાગે છે જૈનોએ ધર્મીજનોની સંખ્યામા સ્પર્ધા કરી નથી

स्पर्धाशीलाः

કેનોના આગમો કેનોની [illegible] કેનોના [illegible] જૈનોનું [illegible] છે અને [illegible] કે [illegible] તેનું અચિંત્ય [illegible] કે એવી [illegible] અચિંત્ય [illegible] કેનો [illegible] છે

[illegible] કેનો [illegible] કેનોના [illegible] કે કેનોની વિદ્યા શક્તિ, [illegible] શક્તિ [illegible] શક્તિ વગેરે શક્તિઓ [illegible] કે [illegible] કેનોની [illegible] કેનો વધતા [illegible] અચિંત્યત્વ [illegible]

કેટલાક કેળવાયેલા જૈનો નાસ્તિક બને છે, તેઓને ધર્મમાં સ્થિર કરવાના તેમજ તેઓ વડે ધર્મની પ્રગતિ થાય એવા ઉપાયો કરવા જોઇએ જેઓ સ્વાસ્તિત્વ સંરક્ષણની ઇચ્છાવાળાઓ છે તેઓએ ગુરુઓની-સાધુઓની સેવા કરવી જોઈએ.

સાધુઓના અંતરના આશીર્વાદ લીધાથી પોતાની પાછળ મહાપુરુષો પ્રગટે છે જ્યારે સાધુઓની આંતરડી કકળાવવાથી દુનિયામાં સ્વાસ્તિત્વ સંરક્ષા થઇ શકતી નથી. માટે જૈનોએ જૈન સાધુઓની તથા સાધ્વીઓની ભક્તિ કરવી જોઇએ

જૈનોએ સ્વાસ્તિત્વના સંરક્ષણ માટે તેમજ ધાર્મિક શુભ કર્મો કરવા જોઇએ. નિયમિત કંઇક કરવું જોઇએ, સદ્વિચારો ખીલે એવા પુસ્તકો વાંચવા જોઇએ તેમજ પોતાની પાછળ પોતાના કરતા વિશેષ એવા ગુણી જૈનો પ્રગટે એવી યોગ્ય પ્રવૃત્તિ કરવી જોઇએ. આ ઉપરાંત પોતાની પાછળ જૈન ધર્મ પાળનાર બળવાન જૈનો પ્રગટે તે માટે જૈન ધર્મ ગુરુકુળોને મદદ કરવી જોઇએ અને જૈન ધર્મના જ્ઞાના મોટા વિદ્વાન જૈનો પ્રગટે એવા સર્વ પ્રબંધોને આચારમાં મૂકી બતાવવા જોઈએ

જે કર્મના ખાતાની પાછળ લાગેલા કર્મોને [illegible] [illegible] પણ થઈ ગયા છે તેના શુદ્ધ, નિર્મળ [illegible] [illegible] કર્મોથી કર્મોની [illegible] પ્રારંભ થાય છે.

[illegible]

પ્રશસ્ય રાગ, પ્રશસ્ય દ્વેષ, પ્રશસ્ય ક્રોધ, માન, માયા, લોભ. શ્રદ્ધા, ભ્રાતૃભાવ, પરોપકાર, કેળવણી વગેરેની દૃષ્ટિ, સાર્વજનિક કર્મ પ્રવૃત્તિ આદિ યુક્ત જૈનો હોય છે.

રાગદ્વેષનો એકદમ નાશ થવાનો નથી. માટે અશુભ રાગ અને દ્વેષને શુભ રાગ અને દ્વેષના રૂપમાં પરિણમાવવા જોઈએ

પ્રેમ અને શ્રદ્ધા આ બે ગુણોને તો હરેક જૈને જૈનધર્મ અંગીકાર કરતા પૂર્વે અવલંબવા જોઈએ કારણ પ્રેમ અને શ્રદ્ધા વિના આત્મજીવનની પ્રગતિ થતી નથી અને તેના વિના દેવ-ગુરુ અને ધર્મની આરાધના પણ થઈ શકતી નથી તેમજ તે પોતે પ્રામાણ્ય જીવનને પણ પ્રાપ્ત કરી શકતો નથી.

હરેક કર્તવ્યમાં પ્રેમ અને શ્રદ્ધાની અત્યંત જરૂર પડે છે વ્યવહારિક બાબતોમાં પ્રેમી અને શ્રદ્ધાળુ વર્ગ જય મેળવી શકે છે

પ્રભુની પ્રાપ્તિ માટે પણ પ્રથમ પ્રેમ અને શ્રદ્ધાની જરૂર પડે છે.

प्रशस्यरागादि संयुताः

શુભ કર્મો પર પ્રશસ્ય રાગ અને ઋજુતા પણ [illegible] થવાથી, અશુભ વાસનાઓનો ક્ષય કરી આત્મને નિર્મળ બનાવી શકાય છે. ગમે તેટલા દીનતા [illegible] અને [illegible] વિચારોને પ્રગટાવવા ન દેવાં જોઈએ [illegible] તેમ [illegible] [illegible] દેવ-ગુરુ અને ધર્મને પ્રેમ અને [illegible] [illegible] બની રહેવું અને વિષયો પર [illegible] વૈરાગ્ય [illegible] કેળવવું એ આત્મ કર્તવ્ય છે.

આ કાળમાં એક ચેતને એક બીજાની ઉપર આધારના આવ્યા તો આ કાળમાં બીજી કોઈની દૃષ્ટિએ ... જેવી ભાષા આ ભાષાને કોઈ બીજી ભાષા ... માનવના કાળના પાપ બોલી દેશ

. .

જૈનોપનિષદ્રૂપ જૈનોક્ત સત્રોને જે જૈનો દરરોજ યાદ કરે છે તેઓની બાહ્ય ઉન્નતિ થાય છે. અને તેઓ મહાન બને છે તેમજ આત્માની જ્ઞાનાદિ શક્તિઓને પ્રાપ્ત કરી ત્રીજા ભવે અવશ્ય મુક્તિપદ પ્રાપ્ત કરે છે. એ નિશ્ચય છે.

ઉપસંહાર
અને સમાપ્તિ

જે જૈનો જૈનગીતા અને જૈનોપનિષદ્નો નિત્ય પાઠ કરે છે તેઓના પર ગુરુદેવની આશિષ છે કે તેઓ સર્વ પ્રકારે સુખી થવાના અને સર્વ મંગળોને પ્રાપ્ત કરવાના ગુરુ શીક્ષા ત્રણ કાળમાં સર્વ પ્રકારની શુભોન્નતિ કરનારી થાઓ

ૐ-હેવ ઓમ શાંતિ શાંતિ: શાંતિ:

ગ્ર. નં.	ગ્રંથનુ નામ
૪૫	શ્રાવક ધર્મ સ્વરૂપ ભા. ૧
૪૬	,, ,, ,, ,, ૨
૪૭	ભજન સંગ્રહ ભા. ૫
૪૮	,, ,, ભા. ૬
૪૯	આનંદન ધન પદ ભાવાર્થ સંગ્રહ
૫૦	ભજન સંગ્રહ ભા. ૭
૫૧	ગુરુબોધ
૫૨	પત્ર સદુપદેશ ભા. ૧
૫૩	,, ,, ભા. ૨
૫૪	,, ,, ભા. ૩
૫૫	ભજન સંગ્રહ ભા. ૮
૫૬	શ્રીમદ્ યશોવિજયજી જીવન નિબંધ
૫૭	ધાર્મિક ગદ્ય સંગ્રહ
૫૮	યોગ દીપક
૫૯	જૈન ધર્મની પ્રાચિન અર્વાચીન સ્થિતિ
૬૦	પ્રતિજ્ઞા પાલન
૬૧	શ્રી સુખસાગર ગુરુ ગીતા
૬૨	તપાગચ્છ સાગર પટ્ટાવલી
૬૩	મિત્ર મૈત્રી
૬૪	મધુપ કાવ્ય
૬૫	આત્મ સમાધિ શતક
૬૬	શુદ્ધા વસ્થા
૬૭	જૈન શ્રાવક
૬૮	કર્મયોગ

ગ્ર. નં.	ગ્રંથનું નામ
૬૯	એની અમારી વેદના
૭૦	પ્રેમ ગીતા
૭૧	સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય
૭૨	ગુરુ ગીતા
૭૩	ગચ્છ મત પ્રબંધ
૭૪	જૈન ગીતા
૭૫	સંઘ પ્રગતિ
૭૬	વિજાપુર વૃતાંત
૭૭	જૈનોપનિષદ્
૭૮	શિષ્યોપનિષદ્
૭૯	જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભા. ૧
૮૦	જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભા. ૨
૮૧	ભારત સહકાર શિક્ષણ કાવ્ય
૮૨	કૃષ્ણ ગીતા
૮૩	ગહુંલી સંગ્રહ ભા, ૧
૮૪	,, ,, ભા. ૨
૮૫	ગુરુ ગીત ગહૂંલી સંગ્રહ
૮૬	ગુરુ ભક્ત સ્વરૂપ ગ્રંથ
૮૭	આત્મ કૃષ્ણ છત્રીશી
૮૮	સ્નાન
૮૯	પ્રિય દર્શના પ્રબોધ ગ્રંથ
૯૦	ભજન સંગ્રહ ભા. ૯
૯૧	વિશ્વ સદેશ
૯૨	પૂજા સંગ્રહ ભા. ૧
૯૩	,, ,, ભા. ૨

અન્ય રચિત ગ્રંથોના ભાષાંતર
સંસ્કૃતમાંથી ગુજરાતી.

૧૨૬ આત્માનુશાસન (પાર્શ્વનાથ કૃત)
૧૨૭ સામ્યશતક (શ્રી સિંહવિજય કૃત)

પ્રેરીત તેમજ સંશોધીત ગ્રંથો.

ગ્ર. નં. ગ્રંથનું નામ
૧૨૮ ઉ યશોવિજય કૃત સાત ક્ષેત્રનો રાસ
૧૨૯ જૈન ઐતિહાસિક રાસમાળા
૧૩૦ શ્રીમદ્ દેવચંદ્ર ભા ૧
૧૩૧ શ્રીમદ્ દેવચંદ્રજી ભા. ૨
૧૩૨ દેવવિલાસ
૧૩૩ શ્રીમદ્ દેવચંદ્રજીનુ ગુર્જર સાહિત્ય (નિબંધ)
૧૩૪ કર્મપ્રકૃતિ
૧૩૫ મુદ્રિત જૈન શ્વેતામ્બર ગ્રંથ ગાઇડ

(નોંધ:—ગ્રંથ નં. ૧૩૫ એ શ્રીમદ્જીએ પોતે શોધ્યો છે, સુધાર્યો છે તેમજ તેની અર્થસહ સમજ આપી છે. જ્યારે બાકીના ગ્રંથ ૧૨૮ થી ૧૩૪ સુધીના ૭ ગ્રંથો માટે તેમણે વિદ્વાનોને પ્રેરણા કરી હતી અને એ તમામ ગ્રંથો તેમણે પ્રેસમા છપાતા પહેલા જોયા હતા, તપાસ્યા હતા. તેમજ કેટલાકના પ્રુફ પણ તેમણે તપાસ્યા હતા

૧૩૬ વિજાપુર બૃહદ્ વૃત્તાન્ત
૧૩૭ વચનામૃત (મોટું)

આ બે ગ્રંથો શ્રીમદ્જી રચિત છે મૂળ સંક્ષિપ્ત હતા તેમા પાછળથી સુધારા વધારા કરી બૃહદ્ આવૃત્તિ પ્રકટ કરી છે



અપ્રગટ ગ્રંથો
અધ્યાત્મ મહાવીર અને મહાવીર ગીતા

પુષ્પ છઠ્ઠું

